૫૫. અનુસ્નાતક કેન્દ્રના ત્રીવાર્ષિક મુલ્યાંકન માટે સિન્ડીકેટની તા. ૨૦–૮–૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક (૩૩) અન્વયે નિમાયેલ સમિતિના સભ્યશ્રી આ. ર્ડો વિક્રમભાઈ બી. દેસાઈ (કન્વીનર), ર્ડા. મોહીનીબેન ગઢીયા અને પ્રિ. જે. એમ. નાયકની સમિતિના સભ્યશ્રીઓએ ઝેડ. એફ. વાડીયા વીમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સમાં ચાલતા એમ. કોમ (ઈન્ડસ્ટ્રીયલ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટ) અનસ્નાતક વિષયના અભ્યાસ કેન્દ્રની મુલાકાત લઈ સમિતિ ધ્વારા આ સાથેના પત્રમાં જણાવ્યા મુજબના અવલોકનો / અહેવાલ અત્રે રજૂ કરેલ છે, જે અવલોકન / અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કેન્દ્રના ત્રીવાર્ષિક મુલ્યાંકન માટે સિન્ડીકેટની તા. ૨૦–૮– ૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક (૩૩) અન્વયે નિમાયેલ સમિતિના સભ્યશ્રી આ. ર્ડો વિક્રમભાઈ બી. દેસાઈ (કન્વીનર), ર્ડા.મોહીનીબેન ગઢીયા અને પ્રિ. જે. એમ. નાયકની સમિતિના સભ્યશ્રીઓએ ઝેડ. એફ. વાડીયા વીમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સમાં ચાલતા એમ. કોમ (ઈન્ડસ્ટ્રીયલ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટ) અનુસ્નાતક વિષયના અભ્યાસ કેન્દ્રની મુલાકાત લઈ રજૂ કરેલ અહેવાલનો સ્વીકાર કરવો.**

૫૬. અનુસ્નાતક કેન્દ્રના ત્રીવાર્ષિક મુલ્યાંકન માટે સિન્ડીકેટની તા. ૨૦–૮–૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક (૩૩) અન્વયે નિમાયેલ સમિતિના સભ્યશ્રી આ. ર્ડો વિ. ડી. નાયક (કન્વીનર), ર્ડા. સગુણાબેન પાથી અને ર્ડા. કે. સી. પટેલ ધ્વારા રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં ચાલતા એમ. કોમ. તથા અર્થશાસ્ત્રના અનુસ્નાતક વિષયના અભ્યાસ કેન્દ્રની મુલાકાત લઈ સમિતિ ધ્વારા આ સાથેના પત્રમાં જણાવ્યા મુજબના અવલોકનો / અહેવાલ અત્રે રજૂ કરેલ છે. જે અવલોકન / અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કેન્દ્રના ત્રીવાર્ષિક મુલ્યાંકન માટે સિન્ડીકેટની તા. ૨૦–૮– ૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક (૩૩) અન્વયે નિમાયેલ સમિતિના સભ્યશ્રી આ. ર્ડો વિ. ડી. નાયક (કન્વીનર), ર્ડા. સગુણાબેન પાથી અને ર્ડા. કે. સી. પટેલ ધ્વારા રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં ચાલતા એમ.કોમ. તથા અર્થશાસ્ત્રના અનુસ્નાતક વિષયના અભ્યાસ કેન્દ્રની મુલાકાત લઈ રજૂ કરેલ અહેવાલનો સ્વીકાર કરવો.**

૫૭. સાર્વજનિક કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનોલોજી, સુરત ધ્વારા તેના તા. ૯–૬– ૨૦૧૦ત્રના પત્ર ક્રમાંક SCET /ACC/128 /2010 થી એમ. આર્ક (સિટી ડીઝાઈન) માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૨–૧૩ દરમ્યાન વાર્ષિક ફી પ્રવેશની (૨૦) બેઠકો માટે પ્રતિ બેઠક રૂા. ૫૫૦૦૦/– થી વધારી રૂા. ૭૫૦૦૦/– કરવાની વિનંતી / દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિ. એન્ડ ટેકનોલોજી, સુરત ધ્વારા તેના તા. ૯–૬– ૨૦૧૦ના પત્ર ક્રમાંક SCET /ACC/128 /2010 થી એમ. આર્ક (સિટી ડીઝાઈન) માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૨–૧૩ દરમ્યાન વાર્ષિક ફી પ્રવેશની (૨૦) બેઠકો માટે પ્રતિ બેઠક રૂા. ૫૫૦૦૦/– થી વધારી રૂા. ૭૫૦૦૦/– કરવાની વિનંતી ગ્રાહ્ય રાખવી નહી.**

૫૮. બાયો સાયન્સ વિભાગના વડાશ્રી ર્ડા. પંકજભાઈ ગઢિયા ધ્વારા તેમના તા. ૨–૭–૨૦૧૦ના પત્ર ક્રમાંક : બાયો / ૩૪૫૪ / ૨૦૧૦ થી નીચે મુજબની વિનંતી કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

(૧) એમ. એસસી. (માઈક્રો)માં પ્રવેશની ૨૦ (વીસ) બેઠકો હોય અને કુલ્લે ૧૫૫ વિધાર્થીઓએ અરજી કરેલ હોય અને (૫૮) વિધાર્થી વેઈટીંગમાં હોય તે જોતા બે (૨) સીટ (સેલ્ફ ફાઈનાન્સ) માં વધારાની મંજૂરી આપવા.

(૨) એમ. એસસી. – બાયોસાયન્સ (માઈક્રો) માં પ્રવેશની ૩૦ (ત્રીસ) બેઠકો હોય અને કુલ્લે ૧૪૦ વિધાર્થીઓએ અરજી કરેલ હોય અને (૬૦) વિધાર્થી વેઈટીંગમાં હોય તે જોતા બે (૨) સીટ (હાયર પેમેન્ટ) માં વધારાની મંજૂરી આપવા.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાયો સાયન્સ વિભાગના વડાશ્રી ર્ડા. પંકજભાઈ ગઢિયા ધ્વારા તેમના તા. ૨–૭–૨૦૧૦ના પત્ર ક્રમાંકઃ બાયો /૩૪૫૪ / ૨૦૧૦ થી કરેલ ઉપરોકત વિનંતીને મંજૂર રાખવી.**

૫૯. ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય કોલેજ ઓફ ફિઝિકલ એજયુકેશન, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી બંધ કરવા મંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૬–૫–૨૦૧૦ ના પત્ર ક્રમાંકઃભ.મ/૩૧૪/૨૦૦૮–૦૯ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : (૧) સિન્ડિકેટ, તા.૩/૪/૧૧–૬–૨૦૧૦ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક (૧૯૦) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છેઃ)

" :: આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત બી. પી. એડ્./ બી. એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ચાલતી અનિયમિતતા બાબતે સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના સભ્યોએ રજૂ કરેલ તપાસ સમિતિના અહેવાલ મુજબ બી. પી. એડ્. અને એમ. પી. એડ્. બંધ કરવું અને બંધ કરતા પહેલા બન્ને કોર્ષની ડીપોઝીટ માંથી રૂપિયા એક એક લાખ કાપી લેવા. બી. પી. એડ્. અને એમ. પી. એડ્. ટીચીંગ સ્ટાફને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓ તરીકે તેમજ નોનટીચીંગ Existing **સ્ટાફને એ સંસ્થાની જુદા જુદા કોર્ષમાં/ કોલેજોમાં સમાવી લેવા જણાવવું અને એ શરતે જે તે કોર્ષ/ કોલેજોનાં ચાલુ વર્ષના જોડાણ મંજુર કરવા અને આ સંસ્થાના બી. એડ્. અને એમ. એડ્.ના કોર્ષ માટે નીચેના સભ્યોની ચકાસણી સમિતિની નિમણૂંક કરવી.**

(૧) આ. ડૉ. વી. ડી. નાયક (૨) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (૩) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૪) શ્રી કિરીટસિંહ વાંસદિયા (૫) આ. ડૉ. જે. પી. ગોહિલ "

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી કોલેજ બંધ કરવા ઓર્ડિનન્સ ૬૬(૩) અન્વયે,

તા.૩૧–૧૦– ૨૦૦૯ સુધીમાં અરજી કરવાની જોગવાઈ છે.

(૩) ઓર્ડિનન્સ–૬૬ (૩) ની જોગવાઈ મુજબ રૂા.૧૦૦,૦૦૦/– ચેક મોકલેલ છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૨૧ અને ૫૯ની સંયુકત વિચારણા કરવામાં આવેલ હોઈ બાબત ક્રમાંક : ૨૧ મુજબ કાર્યવાહી કરવી.

૬૦. સર્વોદય બી.એડ્. કોલેજ, સરથાણા, નાના વરાછા, સુરતમાં નીચે દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર <u>એકેડેમિક કાઉન્સિલે તેની તા.૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૧૪** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.</u>

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી. એડ્. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧

<u>એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૪ :</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે,સર્વોદય બી.એડ્. કોલેજ, સરથાણા, નાના વરાછા, સુરતમાં નીચે દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ હેવાલનો સ્વીકાર કરવો અને અહેવાલમાં દર્શાવેલ નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે બી.એડ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

<u>સ્થાનિક તપાસસમિતિની શરતો :–</u>

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવા માટે સત્વરે કાર્યવાહી શરૂ કરી યુનિવર્સિટીને તેનીફ તાત્કાલિક જાણ કરવી.

(૨) સંસ્થાએ બી.એડ. માટે નવું અલાયદુભવન ઉભુ કરવું.

(૩) શ્રીમતી હંસાબેન ચૌધરી એડહોક લાયબ્રેરીયન છે નિયમાનુસાર લાયબ્રેરીયનની નિમણૂંક કરવી.

(૪) વર્ષ ૨૦૧૦–૧૧નાં નવા અભ્યાસક્રમ માટે અભ્યાસક્રમને અનુરૂપ નવા જરૂરી પુસ્તકો ખરીદવા. ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦/–નાં ખરીદવા તથા આગળનાં વર્ષની ઘટ પૂરી કરવી.

(૫) સંસ્કૃત પધ્ધતિના અધ્યાપકની તાકીદે નિયમાનુસાર નિમણૂંક કરવી.

(૬) અધ્યાપકોની કેબીનો વધુ મોટી બનાવવી.

(૭) બે વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા અધ્યાપકોને સર્વિસબુકમાં કાયમી અધ્યાપક તરીકે નોંધવા અને કાયમી કરી દેવા.

(૮) કલાર્ક અને પટાવાળાને મહેકમ પ્રમાણે કાયમી નિમણૂંક કરવી.

માળખાગત શરતો :–

(૧) દર વર્ષ રૂા. ૩૫,૦૦૦ નાં પુસ્તકો સંદર્ભ પુસ્તકો તરીકે વસાવવા અને શૈક્ષણિક સામયિકો ઓછામાં ઓછા ૧૫ જેટલાનું લવાજમ ભરવું.
(૨) પ્રાધ્યાપકોને એમ.ફીલ અથવા પી.એચ.ડી. માટે પ્રોત્સાહિત કરવા.
(૩) ગ્રંથાલય માટે મોટો રૂમ ફાળવવો જેથી ભવિષ્યમાં પુસ્તકોની સંખ્યા વધે ત્યારે ગ્રંથાલય નાનું પડે.
(૪) મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા સમૃધ્ધ બનાવવી. મનોવૈજ્ઞાનિક પ્રયોગનાં ઓછામાં ઓછા ૧૦ સાધનો અને જુદા જુદા પ્રકારની ઓછામાં ઓછી ૧૫ થી ૨૦ કસોટીઓ વસાવવી.
(૫) કોલેજમાં ઈ–મેઈલ, ઈન્ટરનેટ સગવડ વધારવી. ફેકસ અને મોડેમ વસાવવામાં આવે.
(૬) કોલેજની વેબસાઈટ તૈયાર કરાવવી અને ખુલ્લી મૂકવી.
(૭) શૈક્ષણિક સ્ટાફને પણ પી.એફ. નો લાભ આપવો. કર્મચારીઓ માટે પી. એફ. પેન્શન અને ગ્રેજયુઈટીની જોગવાઈ કરવી.
(૮) પ્રાધ્યાપકોને સેમિનાર અને કોન્ફરન્સમાં મોકલવા માટે પ્રોત્સાહિત કરવા.
(૯) યુ.જી.સી./એન.સી.ટી.ઈ./રાજય સરકાર અને યુનિવર્સિટીના વખતોવખતના નિયમો અને ધારાધોરણનું પાલન કરવું.
(૧૦) ઈ. ટી.ના સાધનો, વિજ્ઞાન પ્રયોગશાળાનાં સાધનો વખતોવખત અધતન વસાવવા દર વર્ષે તેમાં ઉમેરો કરવો.
(૧૧) કર્મચારીઓના નિવૃતિના લાભો માટે ગ્રેજયુટી અને પેન્શનની જોગવાઈ કરવી તથા ઈ.પી. એફ. માટે કાર્યવાહી કરવી.
(૧૨) મનોવૈજ્ઞાનિક કસોટીઓ પૂરતા પ્રમાણમાં વસાવવી. પ્રયોગશાળામાં જરૂરી ટેબલને સ્ટુલની વ્યવસ્થા કરવી.
(૧૩) દર વર્ષ રૂા. ૨૫૦૦૦/–ના પુસ્તકો વસાવવા અને રૂા. ૨૫૦૦/–ના સામાયિકો વસાવવા.
(૧૪) પ્રાધ્યાપકોને નેટ/સ્લેટ માટે પ્રોત્સાહિત કરવા.
(૧૫) કોમ્પ્યુટર માટે સ્વતંત્ર વ્યવસ્થા ગોઠવવી. જેથી સમયમાં કલેશ ન થાય.
(૧૬) વિજ્ઞાન પ્રયોગશાળાના સાધનો પૂરતા નથી તો તે પ્રમાણે વધારે વસાવવા. વિજ્ઞાન પ્રયોગશાળામાં ફર્નિચરની વ્યવસ્થા પણ કરવી.
(૧૭) એન.સી.ટી.ઈ.ની નવા વર્ષની મંજૂરી માટે કાર્યવાહી કરી અને મંજૂરી તાત્કાલિક મેળવી લેવી.
(૧૮) વિદ્યાર્થીઓ પાસેથી સરકારશ્રી અને યુનિવર્સિટીના નિયમ મુજબ ફી વસૂલ કરવી. વધારે ફી લઈ શકાશે નહિ. ખર્ચ પેટે ફી લેવાની થાય તો નહી નફો નહી નુકશાનના ધોરણે વસૂલાત કરવી. આ અંગે વિદ્યાર્થી કમિટિ અને પ્રાધ્યાપકોની કમિટિ બનાવવી.
(૧૯) ભૌતિક સુવિધાઓ વધારવી. લેડીઝ રૂમમાં કેરમ ચેસની જોગવાઈ કરવી વિદ્યાર્થીઓ માટે ઈન્ડોર ગેમ્સની વ્યવસ્થા કરવી.
(૨૦) ખૂટતાં શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે.
(૨૧) બહેનો માટે કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.
(૨૨) કોમ્પ્યુટર માટે ઓછામા ઓછા એક લાયકાત ધરાવતા ટેકનીકલ કર્મચારીની નિમણૂંક કરવી.
(૨૩) આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલીફોનની વ્યવસ્થા કરવી.
(૨૪) યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતો વખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું.
(૨૫) એન.સી.ટી. ઈ. ધ્વારા માંગવામાં આવતા **Self Approval Report** ની કોપી એન.સી.ટી.ઈ.ને મોકલી તેની એક કોપી યુનિવર્સિટીને મોકલવાની રહેશે.
(૨૬) એન.સી.ટી.ઈ.ના ધારાધોરણ મુજબ શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફની કાયમી ધોરણે નિમણૂંક થયેલ હોવી જોઈએ.
(૨૭) એન.સી.ટી.ઈ.ના ધારા ધોરણ મુજબ જમીન ટ્રસ્ટના નામે હોવી જોઈએ.
(૨૮) ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી. એડ્. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સર્વોદય બી.એડ્. કોલેજ, સરથાણા, નાના વરાછા, સુરતમાં બી. એડ્. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)નું ચાલુ જોડાણ અંગે નીચે મુજબના સભ્યોની ચકાસણી સમિતિની નિમણૂંક કરવી.**

(૧) આ. ડૉ. વી. ડી. નાયક (૨) શ્રી કિશોરભાઈ વાઘેલા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જોડાણ બાબતે નિર્ણય ન થાય ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧ – ૧૨ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ સ્થગિત કરવા.

૬૧. રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ, નવસારી સંચાલિત હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીમાં નીચે દર્શાવેલ વિગતે **ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૧૧** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી.એસસી. (ઓપ્ટોમેટ્રી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૧ :

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ, નવસારી સંચાલિત હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીમાં નીચે દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને નીચે દર્શાવેલ શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે બી.એસસી. (ઓપ્ટોમેટ્રી)(સ્વનિર્ભર) અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

સ્થાનિક તપાસસમિતિની શરતો :–

(૧) સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ અને લાયન્સ હોસ્પિટલ વચ્ચેનો કરાર ત્રણ વર્ષ છે તે લાંબા ગાળાનો કરવામાં આવે.

(૨) લાયબ્રેરીમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) યુનિવર્સિટી ઓર્ડિનન્સ ૬૯(એ) તથા ૬૯(બી)નું યથાર્થ પાલન કરવામાં આવે.

માળખાગત શરતો :–

(૧) જે તે વિષયના બે પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

(૨) પ્રયોગશાળા મદદનીશની એક જગ્યા ભરવામાં આવે.

(૩) વહીવટી કર્મચારીઓને સરકારશ્રીના ધારા ધોરણો મુજબ તમામ લાભો આપવામાં આવે.

(૪) અભ્યાસક્રમો માટે ૧૫૦૦૦/– નાં પુસ્તકો વસાવવામાં આવે.

(૫) તમામ કર્મચારી માટે નિવૃતિના લાભો અંગે પ્રો. ફંડ/ ગ્રેજયુઈટી ફંડની જોગવાઈ કરવામાં આવે.

(૬) યુ.જી.સી./યુનિવર્સિટી/રાજય સરકારશ્રીના નિયમાનુસારના પગાર અને ભથ્થા કોલેજના તમામ સ્ટાફને નિયમિતપણે બેંક મારફત ચૂકવવામાં આવે.

(૭) કોલેજના વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના નિયમાનુસાર પાલન કરવાનું રહેશે.

(૮) યુનિવીર્સટી અને રાજય સરકારશ્રીના ધારા ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ. વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવામાં આવતી ફી નહિ નફો નહિ નુકશાનના ધોરણે વસૂલ કરવાની રહેશે.

(૯) વિજ્ઞાન પ્રયોગશાળા માટે જરૂરી સાધનો વસાવવામાં આવે.

(૧૦) કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર,ફેકસ તથા મોડેમ વસાવવામાં આવે તેમજ ઈ. મેઈલ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

(૧૧) ટીસ્યુ કલચર રૂમ અધતન તૈયાર કરવામાં આવે.

(૧૨) ડેડસ્ટોક રજીસ્ટર પધ્ધતિ અનુસારનુ બનાવવુ.

(૧૩) ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી.એસસી. (ઓપ્ટોમેટ્રી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ, નવસારી સંચાલિત હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧ના વર્ષ માટે બી.એસસી. (ઓપ્ટોમેટ્રી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)નું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે કરેલ તેની તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૧ સ્વીકારવી અને રાજય સરકારને તે અંગે ભલામણ કરવી.**

૬૨. બિલિમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરામાં નીચે દર્શાવેલ વિગતે અંગ્રેજી (મુખ્ય) વિષયનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર <u>એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૧૫** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.</u>

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. (અંગેજી મુખ્ય વિષય)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

<u>એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૫ :</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, બિલિમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરામાં નીચે દર્શાવેલ વિગતે અંગ્રેજી (મુખ્ય) વિષયનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને અહેવાલમાં દર્શાવેલ નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. (અંગેજી મુખ્ય વિષય) અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સ્થાનિક તપાસસમિતિની શરતો :–</u>

અંગ્રેજી વિષયમાં વર્કલોડ ૫૪ જેટલા પીરીયડનો છે, જેની સામે ફકત એક પરમેનન્ટ ટીચર છે. એક એડહોક ટીચર છે. કુલ ત્રણ અધ્યાપકોની જરૂરીયાત હોવાથી બે અધ્યાપકોની કાયમી ધોરણે નિમણૂંક આપવી અને એમને ગ્રેડ પેમાં મૂકવા ભલામણછે.

<u>માળખાગત શરતો :–</u>

૧. ગ્રંથાલયમાં સંદર્ભ પુસ્તકો અને સામાયિકો પાછળ દર વર્ષે ખર્ચ કરવો.
૨. એન.એસ.એસ./એન.સી.સી./ સાંસ્કૃતિક સામાજિક અને શૈક્ષણિક શિબિરો તથા રમત ગમતને લગતી પ્રવૃતિઓ કોલેજ ધ્વરા સઘન બનાવવી.
૩. સંસ્થામાં જે તે હેડ નીચે ઉધરાવવામાં આવતી ફી તે જ હેડ નીચે વપરાય તે જરૂરી છે.
૪. વિદ્યાર્થી સંખ્યામાં ખાસ વધે તે માટે જરૂરી સઘન પ્રયત્નો કરવા.
૫. સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે અનામતનું ધોરણ જળવાય તે જરૂરી છે.
૬. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.
૭. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.
૮. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.
૯. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.
૧૦. બહેનો માટે કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.
૧૧. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.
૧૨. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.
૧૩. મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.
૧૪. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.
૧૫. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરવવામાં આવે.
૧૬. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.
૧૭. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.
૧૮. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. (અંગેજી મુખ્ય વિષય)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બિલિમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાનું અંગ્રેજી (મુખ્ય) વિષયનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧ના વર્ષ માટે એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. (અંગેજી મુખ્ય વિષય) નું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે કરેલ તેની તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંક : ૧૧૫ સ્વીકારવી અને રાજય સરકારને તે અંગે ભલામણ કરવી.**

૬૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે ચાલુ જોડાણ મેળવવા સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસીન, સુરતની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંક : (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તપાસસમિતિનાં અહેવાલ ઉપર <u>એકેડેમિક કાઉન્સિલે તેની તા.૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૨૦** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.</u>

<u>એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૨૦ :</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે ચાલુ જોડાણ મેળવવા સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસીન, સુરતની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તપાસસમિતિનાં અહેવાલમાં દર્શાવ્યા મુજબ જયાં સુધી સંસ્થા તા. ૩૧–૧૨–૨૦૦૮ સુધી કરવાનાં તમામ કાર્યોની પૂર્તતા ન કરે ત્યાં સુધી સંસ્થાને નવા પ્રવેશો ન ફાળવવાની કરેલ ભલામણ નો સ્વીકાર કરી જેને મંજૂરી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે ચાલુ જોડાણ મેળવવા સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસીન, સુરતની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંક : (૧૫)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તપાસસમિતિનાં અહેવાલમાં દર્શાવ્યા મુજબ જયાં સુધી સંસ્થા તા. ૩૧–૧૨–૨૦૦૮ સુધી કરવાનાં તમામ કાર્યોની પૂર્તતા ન કરે ત્યાં સુધી સંસ્થાને નવા પ્રવેશો ન ફાળવવાની કરેલ ભલામણ અન્વયે આગામી બે મહિનામાં ઉપરોકત તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ તમામ કાર્યોની પૂર્તતા કરવાની લેખિતમાં બાહેંધરી લઈને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા.**

૬૪. તક્ષશિલા કોલેજ, વડોદરામાં નીચે દર્શાવેલ વિગતે **ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૧૨** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી.સી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧

એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૨ :

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તક્ષશિલા કોલેજ, વડોદરામાં નીચે દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ હેવાલનો સ્વીકાર કરવો અને નીચે દર્શાવેલ શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે બી.સી.એ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

સ્થાનિક તપાસસમિતિની શરતો :–

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી.

(૨) આચાર્ય માટે કાયમી યોગ્ય ઓફિસ બનાવવી.

(૩) સ્ટાફરૂમ પૂરતી સગવડતા સાથે કરવો.

(૪) કાયમી લાયબ્રેરીયન અને ફીઝીકલ ટીચરની કરવી.

(૫) વિદ્યાર્થી માટે આઉટડોર હોલની વ્યવસ્થા ઉભી કરવી.

માળખાગત શરતો :–

૧. કાયમી આચાર્ય નિમવામાં આવે.

૨. જરૂરી સામયિકો મંગાવવામાં આવે.

૩. કોમ્પ્યુટરને લગતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૪. અભ્યાસક્રમને અનુરૂપ બિન – શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૫. યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

૬. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૭. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.

૮. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.

૯. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.

૧૦. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.

૧૧. બહેનો માટે કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

૧૨. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.

૧૩. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.

૧૪. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની વ્યવસ્થા કરવી.

૧૫. મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.

૧૬. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.

૧૭. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરવવામાં આવે.

૧૮. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.

૧૯. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.

૨૦. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી.સી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તક્ષશિલા કોલેજ, વડોદરાનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧ના વર્ષ માટે બી.સી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ) નું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે કરેલ તેની તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૨ સ્વીકારવી અને રાજય સરકારને તે અંગે ભલામણ કરવી.**

૬૫. માર્ચ / એપ્રિલ – ૨૦૦૯ માં મોટાપોઢા કેન્દ્રમાં લેવાયેલ એસ.વાય.બી.એ. / એસ.વાય.બી.કોમ. ની પરીક્ષામાં તા. ૧૭/૦૪/૨૦૦૯ ના રોજ પરીક્ષા દરમ્યાન મોટાપોઢા કેન્દ્રની મુલાકાત દરમ્યાન વિભાગીય સ્કવોર્ડના સભ્યોએ કરેલ ફરિયાદ અંગે તપાસ સમિતિએ તપાસ કરી આપેલ રિપોર્ટ સિન્ડિકેટમાં વિચારણા કરવા મુકતા સિન્ડિકેટે તેની તા. ૦૮/૦૪/૨૦૧૦નાં ઠરાવ ક્રમાંક : ૦૩ અન્વયે પ્રસ્તુત બાબત અંગે તપાસ સમિતિનો રિપોર્ટ સ્વીકારવો અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢાના આચાર્યશ્રી બી.એન.જોષીનો લેખિત ખુલાસો મંગાવવા ઠરાવ્યુ હતું, જે ઠરાવ મુજબ આ.શ્રી બી.એન.જોષીએ એમના તા. ૨૨/૦૬/૨૦૧૦ ના પત્રથી ખુલાસો મોકલેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટસ અને કોમર્સ કોલેજ, મોટાપોંઢાના આચાર્યશ્રી બી. એન. જોષીને માર્ચ / એપ્રિલ – ૨૦૦૯ માં મોટાપોંઢા કેન્દ્રમાં લેવાયેલ એસ.વાય.બી.એ. / એસ.વાય.બી.કોમ. ની પરીક્ષામાં તા.૧૭/૦૪/૨૦૦૯ ના રોજ પરીક્ષા દરમ્યાન મોટાપોંઢા કેન્દ્રની મુલાકાત દરમ્યાન વિભાગીય સ્કવોર્ડના સભ્યોએ કરેલ ફરિયાદ અન્વયે ઠપકો આપી ભવિષ્યમાં આવી ઘટના ન બને તે ધ્યાનમાં રાખવા જણાવવું.**

૬૬. યુનિવર્સિટી સિન્ડિકેટ ખાતે સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિ તરફથી યુનિવર્સિટી કેમ્પસ પર બાંધવામાં આવેલ ડાયમંડ જયુબીલી બોયઝ હોસ્ટેલનું મકાન ઉતારી લેવા અંગે સિન્ડિકેટની તા. ૨૦–૦૧–૨૦૧૦ની બાબત ક્રમાંક :૯ થી ઠરાવ્યા અનુસાર પુનઃવિચારણા કરવા બાબત.

નોંધઃ

૧. સિન્ડિકેટની તા. ૨૦–૦૧–૨૦૧૦ ની બાબત ક્રમાંક : ૦૯ થી વિચારણા કરી ટ્રસ્ટીશ્રીની સંમતિ મેળવી પુનઃસિન્ડિકેટમાં રજૂ કરવા ઠરાવવામાં આવ્યુ હતુ.

૨. પ્રસ્તુત ઠરાવ અનુસાર પત્રવ્યવહાર કરવામાં આવતા સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિના વહીવટી અધિકારી મારફત તા. ૩૧–૦૫–૨૦૧૦ ના પત્ર દ્વારા મકાન ઉતારી લેવા મંજૂરી આપવામાં આવી છે.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક નિધિ તરફથી યુનિવર્સિટી કેમ્પસ પર બાંધવામાં આવેલ ડાયમંડ જયુબીલી બોયઝ હોસ્ટેલનું મકાન ઉતારી લેવા ઘટતી કાર્યવાહી કરવી.**

૬૭. શ્રી ભરૂચ જિલ્લા આદર્શ સમાજ સેવા મંડળ હેઠળની બી.આર.એસ. સ્વનિર્ભર કોલેજનું ફી નું ધોરણ નકકી કરવા અંગે મંડળનાં મંત્રીશ્રીના તા. ૨૮–૦૬–૨૦૧૦ નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધઃ બી.એસ.ડબલ્યુ માટે ફી ધોરણ સિન્ડિકેટે તેની તા. ૩/૪/૧૧–૦૬–૨૦૧૦ સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૯૩ અન્વયે મંજૂર થયેલ છે.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બી.આર.એસ. સ્વનિર્ભર કોલેજનું ફીનું ધોરણ સિન્ડિકેટે તેની તા.૩/ ૪/ ૧૧ – ૦૬– ૨૦૧૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૯૩ અન્વયે મંજૂર કરેલ બી.એસ.ડબલ્યુ માટેના ફીના ધોરણ મુજબ રાખવું.**

૬૮. યુનિવર્સિટી સંચાલિત બાહ્ય અભ્યાસક્રમો વર્ષ ૨૦૧૦ – ૧૧ના માહિતી પુસ્તિકા, રજીસ્ટ્રેશન ફોર્મ અને આઈડેન્ટી કાર્ડના છાપકામ અંગે ટેન્ડર નોટીસ આપી ટેન્ડરો મંગાવવામાં આવતા નિયત સમયમાં કુલ ૪ ટેન્ડરો કાર્યાલયને મળેલ છે. જેના તૈયાર કરવામાં આવેલ તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંચાલિત બાહ્ય અભ્યાસક્રમો વર્ષ ૨૦૧૦ – ૧૧ના માહિતી પુસ્તિકા, રજીસ્ટ્રેશન ફોર્મ અને આઈડેન્ટી કાર્ડના છાપકામ અંગે સૌથી નીચા ભાવ ભરનાર પાર્ટી મે. કલીક સોલ્યુસન્સને ઓર્ડર આપવો.**

૬૯. નારણલાલા ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૫/૫/૨૦૦૯ના રોજ મળેલ સભામાં સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરી સિન્ડિકેટે તેની તા.૯–૬–૨૦૦૯ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૨) અન્વયે, નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળની રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા.૨૩–૧૨–૨૦૦૯ ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૨) અન્વયે, તથા સિન્ડિકેટ, તા.૨૦–૧–૨૦૧૦ ના રોજ મળેલ સભાના રોજ મળેલ ક્રમાંકઃ (૧) અન્વયે, સુધાર અન્વયે,

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯ – ૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવાની અરજી અન્વયે સિન્ડિકેટ, એલ. આઈ. સી. તથા ચકાસણી સમિતિએ સૂચવેલ શરતોનું પરિપાલન તા. ૩૦ – ૩ – ૨૦૧૦ સુધીમાં આધાર પુરાવા સહિત કરવું.**

વધુમાં, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થાઓ તેમના શૈક્ષણિક અને વહીવટી તથા ટેકનિકલ કર્મચારીઓને યુનિવર્સિટી/ યુ. જી. સી. / રાજય સરકારશ્રી દ્વારા નિયત નિયમાનુસાર પગાર તથા ભથ્થાં ચૂકવે છે અને તે પૈકી કોઈ પણ સ્વરૂપે તે નાણાં પરત લેવામાં આવતા નથી તે અંગેનું મેનેજીંગ ટ્રસ્ટી/ પ્રમુખ/ મંત્રી અને આચાર્યશ્રી/ કાર્યકારી આચાર્યશ્રી દ્વારા રૂા. ૧૦૦/–નાં સ્ટેમ્પ પર સોગંદનામું રજૂ કરેથી સદરહું બાબત પુન : વિચારણા સારૂં સિન્ડિકેટમાં મૂકવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહું સોગંદનામાંની ચોકસાઈ માટે નીચેના સભ્યોની સમિતિ નિમવી.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. ડૉ. વી. ડી. નાયક (૩) આ. ડૉ. કે. એન. ચાવડા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થા તરફથી સ્થાનિક તપાસ સમિતિ તથા ચકાસણી સમિતિ દ્વારા મૂકેલ શરતોનું પરિપાલન કરવામાં ન આવેથી શૈક્ષણિક વર્ષ :૨૦૧૦ – ૨૦૧૧ ની જોડાણ અરજી રદ કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંસ્થા દ્વારા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ બીજી કોલેજમાં અરજી કરે ત્યારે બીનશરતી એન. ઓ. સી. આપી અરજી ફોરવર્ડ કરવા તથા યુનિવર્સિટીના ધારાધોરણ સિવાય કોઈ શરત નહીં મૂકવા સંસ્થાને જણાવવું અને આ અંગે પરિપત્ર સંલગ્ન કોલેજોને કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર ટ્રસ્ટ સંચાલિત કોલેજમાં યુનિવર્સિટીએ માન્ય કરેલ ફી સિવાય ટ્રાન્સફર ફી (રૂા.૫૦૦/–) કે અન્ય ફીઓ વિદ્યાર્થી પાસેથી લેવાય હોય તેના આજ સુધીના હિસાબો તથા સંસ્થામાં નિમાયેલ યોગ્ય લાયકાત ધરાવતા વહીવટી અને શૈક્ષણિક કર્મચારીઓની યુનિવર્સિટીએ માન્યતા આપેલ ન હોય તો તેવા કર્મચારીઓને ચૂકવવામાં આવેલ પગારની સંપૂર્ણ વિગતો તથા સંસ્થાના ડાયરેકટરને અત્યાર સુધી ચૂકવેલ પગારની વિગતો યુનિવર્સિટીને મોકલી આપેથી બાબત સિન્ડિકેટમાં પુનઃ વિચારણા સારૂ મૂકવી અને ત્યાર બાદ જ એલ. આઈ. સી.ને મોકલવી. " એમ ઠરાવેલ છે. ઠરાવના સંદર્ભમાં કોલેજે મોકલેલ પરિપાલનના અહેવાલ તથા સોગંદનામા ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નારણલાલા ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ વિદ્યાર્થીઓ પાસે નિયમ વિરુધ્ધની લીધેલ ફી પરત કર્યાના આધારો યુનિવર્સિટીને રજૂ કર્યા બાદ જોડાણ અંગે રાજય સરકારને ભલામણ કરવી.**

૭૦. નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, વડોદરાની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ./ બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૫/૫/૨૦૦૯ના રોજ મળેલ સભામાં સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરી સિન્ડિકેટે તેની તા.૯–૬–૨૦૦૯ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૬) અન્વયે, નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળની રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા.૨૩–૧૨–૨૦૦૯ ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ (૨૨) અન્વયે, તથા સિન્ડિકેટ, તા.૨૦–૧–૨૦૧૦ ના રોજ મળેલ સભાના રોજ મળેલ ક્રમાંકઃ (૨) અન્વયે, સુધાર અન્વયે, નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વડોદરાની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯ – ૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ./બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી અન્વયે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં તથા ચકાસણી સમિતિના અહેવાલમાં જણાવેલ શરતોનું સંસ્થા પાલન ન કરે તો વર્ષ : ૨૦૧૦ – ૧૧ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશો આપવા નહીં તેમજ એક માસમાં જરૂરી નિમણુંકો ઓપન ઈન્ટરવ્યુંથી યુનિવર્સિટી હેડ કવાટર્સ ખાતે નિમણુંકની કાર્યવાહી કરવી અને ન કરે તો ચાલુ વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં નવા સત્રથી ટ્રાન્સફર કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૧૧ માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરવી નહીં એમ ઠરાવેલ છે. ઠરાવના સંદર્ભમાં કોલેજે મોકલેલ પત્ર તથા ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, વડોદરાની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ./ બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નીચેના સભ્યોની ચકાસણી સમિતિની નિમણૂંક કરવી.**

(૧) આ .ડૉ. વિક્રમભાઈ દેસાઈ (૨) આ. ડૉ. વી. ડી. નાયક (૩) શ્રી કિરિટસિંહ વાસદિયા

૭૧. માર્ચ – એપ્રિલ – મે – ૨૦૧૦ દરમ્યાન લેવાયેલ વિવિધ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ક્ષતિઓ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધઃ–

સિન્ડિકેટ સભા તા.૩–૬–૨૦૧૦ ઠરાવ ક્રમાંક : ૧૮૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ – એપ્રિલ – મે – ૨૦૧૦ દરમ્યાન લેવાયેલી વિવિધ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ક્ષતિઓ સંદર્ભે પરીક્ષકો,પ્રાથમિકો, અને ચેરમેનશ્રીઓ વગેરેના ખુલાસાઓ સિન્ડિકેટ સભ્યોને પરિપત્રિત કરી હવે પછીની સભા સમક્ષ બાબતમાં વિચારણા માટે રજૂ કરવા.

સિન્ડિકેટ સભા તા. ૩/૬/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : ૧૮૧ થી ઠરાવ્યા અનુસાર સિન્ડિકેટ સભ્યશ્રીઓને પરીપત્ર ક્રમાંક : પરીક્ષા /એ/૬૨૪૫/૨૦૧૦ તા.૫/૬/૨૦૧૦ થી ક્ષતીઓ અંગેના ખુલાસાઓની વિગત પરીપત્રીત કરેલ છે.

(પરિક્ષા)

:: **સદર બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

1
પરીક્ષા T.Y.B.Sc.
પેપરનું નામ Mathematics Mechanics (Can) New Course
ચેરમેનનું નામ Prof. Vijay Mehta V. S. Patel College, Bilimora
ભૂલની વિગત જે. પી. કોલેજ ભરૂચના ૧૬ વિદ્યાર્થીઓ તથા બે વિષય શિક્ષકોની સંયુકત સહીથી તા.૨૩–૩–૨૦૧૦નાં રોજ જયેન્દ્રપુરી કોલેજના આચાર્યનો પત્ર મળ્યો હતો. જે મુજબ Q-2 (A) (B) (C) અને Q-4(A) કોર્ષ બહારના હતા. તથા Q-3 (6) માર્કસના પ્રમાણમાં ખૂબ મોટો હતો. (૧) ઉપરોકત પત્રને અનુસંધાને જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડો. એન. એમ. પટેલનો તા.૨૭–૩–૨૦૧૦ નાં પત્ર ક્રમાંક J/M-60/414/2009-10 થી આ બાબતની જાણ પરીક્ષા નિયામકશ્રીને કરી હતી. (૨) પરીક્ષા વિભાગે સદર બાબતે તા.૩૦–૩–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/3691/2010 થી ચેરમેન પાસે ખુલાસો મંગાવેલ તથા તા.૧૨–૪–૨૦૧૦ પત્ર ક્રમાંક પરીક્ષા/એ/૪૨૪૯/ ૨૦૧૦ થી સ્મૃતિપત્ર લખેલ. (૩) ચેરમેનશ્રીએ તા.૧૯–૪–૨૦૧૦નાં પત્રથી ભૂલનો સ્વીકાર કરેલ છે. (૪) ચેરમેનશ્રીના ખુલાસા ઉપર ડીનશ્રીના અભિપ્રાય સહિતની નોંધ ધ્યાને લઈ સદર બાબતે પરીક્ષકોને સુચના આપેલ. :: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. વિજય મહેતા, વી. એસ. પટેલ કોલેજ, બીલીમોરાને યુનિવર્સિટી પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૧ વર્ષ માટે ફારેગ કરવા.**

2

પરીક્ષા T.Y.B.SC. (Medical Technology)

પેપરનું નામ Clinical Microbiology & Immunology

ચેરમેનનું નામ Prof. Pratibha Desai SRICE, Surat.

ભૂલ ની વિગત

ટી.વાય.બી.એસસી. મેડીકલ ટેકનોલોજીના ચેરમેન/મોડરેટરે કરેલ તા.૨૬–૪–૨૦૧૦ની લેખિત રજુઆત અનુસાર સદર પેપર ૭૦ ના બદલે ૬૪ માર્કસનું સેટ થયેલ છે.

(૧) પરીક્ષા વિભાગે સદર બાબતે તા.૨૬–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક A/4646/OF 2010 તા. ૨૬–૪–૨૦૧૦ થી ચેરમેનશ્રીનો ખુલાસો પૂછાવેલ છે.

(૨) ચેરમેનશ્રીએ સદર બાબતે પત્ર ક્રમાંક RK/071/2010-11 તા. ૨૭–૪–૨૦૧૦ થી ભૂલ થયેલ હોવાનો ખુલાસો આપેલ છે. અને વિદ્યાર્થીના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરેલ છે.

(૩) સદર બાબતે પરીક્ષા વિભાગના તા.૨૮–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક પરીક્ષા/એ/૪૬૬૫/૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય પૂછાવેલ.

(૪) ડીનશ્રીએ તેમનાં તા.૨૮–૪–૨૦૧૦ પત્ર ક્રમાંક/બાયો સાયન્સીઝ/ ૨૪૩૨/૨૦૧૦ થી આપેલ અભિપ્રાય મુજબ પ્રશ્ન–૨ ને ૯ ને બદલે ૧૫ માર્કસનો ગણી સવાલ ફરીથી તપાસાવી પરિણામ જાહેર કરેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. પ્રતિભાબેન દેસાઈ, એસ. આર. આઈ. સી. ઈ, સુરતને યુનિવર્સિટી પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૧ વર્ષ માટે ફારેગ કરવા.**

3

પરીક્ષા S.Y.B.SC. Medical Technology Paper-V

પેપરનું નામ General Bio-Chemistry

ચેરમેનનું નામ Prof. P. B. Chauhan KBS, Vapi.

ભૂલ ની વિગત

નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસના ઈ.ચા. આચાર્યશ્રીના તા.૧૬–૪–૨૦૧૦ના પત્ર ક્રમાંક NLCPAS/ADM/6047/2010 ની રજુઆત અનુસાર એસ.વાય.બી.એસ.સીના ઉપરોકત પેપરમાં ટી.વાય.બી.એસસી. મેડીકલ ટેકનોલોજી પેપર–૮ ના અભ્યાસક્રમ મુજબના પ્રશ્નો પૂછાયેલ.

(૧) સદર બાબતે પરીક્ષા વિભાગમાંથી ખુલાસો માંગવાના કોઈપણ પત્ર મળ્યા સિવાય ચેરમેનશ્રીએ તા.૧૫–૪–૨૦૧૦ના પત્રથી પોતાનો પ્રતિભાવ રજુ કરેલ જે અનુસાર પૂછવામાં આવેલ પ્રશ્નો અઘરા હતા.

(૨) સદર બાબતે ડીનશ્રીએ તેઓનાં તા.૧૬–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક બાયો સાયન્સ/ ૨૦૭૪/ ૨૦૧૦ થી Q-2, Q-3 (A), (C), (D), Q-4 (C) (D) અભ્યાસક્રમ મુજબના ન હોવાનું જણાવેલ તથા સદર પ્રશ્નોના જરૂરી માર્કસ આપવા ભલામણ કરેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. પી. બી. ચૌહાણ, કે. બી. એસ., વાપીને યુનિવર્સિટી પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૨ વર્ષ માટે ફારેગ કરવા.**

4

પરીક્ષા S.Y.B.A.

પેપરનું નામ સાહિત્ય વિવેચનનાં સિધ્ધાતો

વિષય શીખવનાર શિક્ષક :– ધીરૂભાઈ પટેલ

ભૂલની વિગત

જે. એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જંબુસરમા વિદ્યાર્થીઓને વર્ગમાં નિયમ અનુસાર નવો અભ્યાસક્રમ ભણાવાને બદલે અધ્યાપકે જૂનો અભ્યાસક્રમ ભણાવ્યો હતો જેથી વિદ્યાર્થીઓ પરીક્ષમાં બેઠા નથી.

– સદર બાબતે પત્રક્રમાંકઃ પરીક્ષા/એ/૪૯૪૦/૨૦૧૦ તા. ૬–૫–૨૦૧૦ થી આચાર્યશ્રીનો ખુલાસો મંગાવેલ.

– સદર બાબતે પત્રક્રમાંકઃ પરીક્ષા/એ/૪૦૪૧/૨૦૧૦ તા. ૬–૫–૨૦૧૦ થી વિષય શિક્ષકનો ખુલાસો
મંગાવેલ.

– વિષય શિક્ષકશ્રી ડી. આર. પટેલે તા. ૧૨–૪–૨૦૧૦ ના પત્રથી પોતાનો ખુલાસો મોકલેલ છે.

– આચાર્યશ્રીએ પત્રક્રમાંક જેએમએસસીઓ/૨૦૧૦–૧૧/૧૭ તા. ૧૫–૪–૨૦૧૦ થી પોતાનો ખુલાસો મોકલેલ છે.

– પરીક્ષા વિભાગનાં પત્ર ક્રમાંકઃ પરીક્ષા/એ/૫૬૦૭/૨૦૧૦ તા. ૧૮–૫–૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ.

– ડીનશ્રીએ તા. ૨૫–૫–૨૦૧૦ ના પત્રથી પોતાનો અભિપ્રાય આપેલ છે. જે મુજબ : :

(૧) જે વિદ્યાર્થીઓ સદરહુ પ્રશ્નપત્રની પરીક્ષામાં બેઠા નથી તેઓને તમામ વિષયોના સરેરાશ ગુણાંક પ્રમાણે લાભ આપવા જણાવેલ છે. તથા

(૨) પ્રા. ધીરૂભાઈ પટેલને બે વર્ષ માટે પરીક્ષાની કામગીરી માંથી ફારેગ કરવા જણાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ધીરૂભાઈ પટેલનું બોર્ડ ઓફ સ્ટડીઝ તેમજ પી. જી. ઈન્ચાર્જનું સભ્યપદ ૨ વર્ષ માટે સ્થગિત કરવું.**

4.1

પરીક્ષા S.Y.B.A.

પેપરનું નામ સાહિત્ય વિવેચનનાં સિધ્ધાતો

વિષય શીખવનાર શિક્ષક :–

ભૂલની વિગત

દૈનિકપત્ર દિવ્યભાસ્કરમાં છપાયેલ સમાચાર અનુસાર બીલીમોરા વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સમા વિદ્યાર્થીઓને વર્ગમાં નિયમ અનુસાર નવો અભ્યાસક્રમ ભણાવાને બદલે અધ્યાપકે જૂનો અભ્યાસક્રમ ભણાવ્યો હતો

– સદર બાબતે પત્રક્રમાંકઃ પરીક્ષા/એ/૫૯૧૨/૨૦૧૦ તા. ૨૭–૫–૨૦૧૦ થી આચાર્યશ્રીનો ખુલાસો
મંગાવેલ.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રી, વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ**

સાયન્સનો ખુલાસો મંગાવી આગળની કાર્યવાહી કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.

5

પરીક્ષા S.Y.BBA. SEME-IV.

પેપરનું નામ Computer Application-II

ચેરમેનનું નામ Prof. Tejas R. Ghadiyali SPB, Udhana.

ભૂલની વિગત

લક્ષ્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સનાં એકઝામ સુપ્રિન્ટેડન્ટના તા.૫–૪–૨૦૧૦ના પત્ર ક્રમાંક LVS/BBA/126/10 અનુસાર ૩૦ માર્કસને બદલે ૨૫ માર્કસનું પેપર સેટ કરેલ છે.

(૧) સદર બાબતે પરીક્ષા વિભાગે તા.૬–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક A/4085/OF 2010 થી ચેરમેનનો ખુલાસો મંગાવેલ.

(૨) આ અનુસંધાને ચેરમેનશ્રીએ તા.૧૯–૪–૨૦૧૦ના રોજ ખુલાસો રજુ કરેલ જે અનુસાર પ્રશ્ન નં.–૧, ૫ માર્કસને બદલે ૧૦ માર્કસનો હોવો જોઈએ એમ જણાવી પ્રશ્ન–૧ને ૧૦ માર્કસનો ગણી ચકાસણી કરવા જણાવેલ છે.

(૩) આ બાબતે પરીક્ષા વિભાગે તા.૨૧–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક પરીક્ષા/એ/૪૪૧૬/૨૦૧૦થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ છે.

(૪) ડીનશ્રીના અભિપ્રાય મુજબ સદર બાબતે આ પ્રશ્નને ૫ ને બદલે ૧૦ માર્કસનો ગણી ચકાસવા પરીક્ષકોને સુચના આપેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. તેજસ આર. ઘડીયાળી, એસ. પી. બી., ઉધનાને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૧ વર્ષ માટે ફારેગ કરવા.**

6

પરીક્ષા F.Y.B.COM

પેપરનું નામ Elements of Banking & Insurance

ચેરમેનનું નામ Prof. M. N. Desai Arts & Comm. College, Bardoli.

ભૂલની વિગત

જુદી જુદી કોલેજોના ૧૩ અધ્યાપકોની સહીથી મળેલ તા.૭–૪–૨૦૧૦ના પત્ર મુજબ સદર પ્રશ્નપત્રમાં ૨૦ ગુણના પ્રશ્નો અભ્યાસક્રમ બહારનાં પૂછાયેલ છે. તથા વિદ્યાર્થીઓનાં હિતમાં ઘટતુ કરવા રજુઆત કરેલ છે.

(૧) પરીક્ષા વિભાગને સદર બાબતે તા.૮–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4143/2010 થી ચેરમેનનો ખુલાસો મંગાવેલ.

(૨) તેઓશ્રીએ તા.૧૫–૪–૨૦૧૦ના પત્રથી જણાવેલ છે કે તેમની કોલેજ પાસે ૨૦૦૭–૦૮નો જ અભ્યાસક્રમ પ્રાપ્ય છે. ઉપરાંત પોતે છેલ્લા ૨૦ વર્ષથી આ પેપર સેટ કરે જ છે. તેઓશ્રીના જણાવ્યા અનુસાર બેંકીંગના હેડથી ચાલતાં આ પ્રશ્નપત્રમાં આર.બી.આઈ.ના કાર્યો જ પૂછયા છે. આમ છતાં વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે રીતે સૂચના મુજબ પૂછવા બંધાયેલા હોવાનું જણાવી બીજીવાર ભૂલ ન થાય તેની કાળજી રાખશે તેમ જણાવેલ છે.

(૩) સદર બાબતે પરીક્ષા વિભાગનાં તા.૨૧–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક પરીક્ષા/એ/૪૪૧૬/૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. એમ. એન. દેસાઈ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,**

બારડોલીને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૨ વર્ષ માટે ફારેગ કરવા.

7

પરીક્ષા T.Y.B.COM.

પેપરનું નામ Management Accounting Paper-IV

ચેરમેનનું નામ Prin. J. M. Naik Navyug Commerce College, Surat.

ભૂલની વિગત

નારણલાલા કોલેજના ઈ.ચા. આચાર્યશ્રીના તા.૧૮–૩–૨૦૧૦ નાં પત્ર ક્રમાંક NLCCM/B.COM./EXAM/6026/2010 માં કરેલ રજુઆત અનુસાર

– પ્રશ્ન–૧ (ક) વધારાની માહિતીમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં તફાવટ છે.

– પ્રશ્ન–૨ (૭) માં અંગ્રેજી માધ્યમમાં અમુક ભાગ છપાયેલ નથી.

–પ્રશ્ન–૫ (અ) ગુજરાતી અને અંગ્રેજી બન્ને માધ્યમમાં વ્યાજનો દર ૧૦૦% છપાયો છે.

(૧) સદર બાબતે પરીક્ષા વિભાગે તા.૨૬–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/3487/OF 2010 થી ચેરમેનશ્રીનો ખુલાસો પૂછાવેલ

– ચેરમનેશ્રીએ તા.૨૭–૪–૨૦૧૦નાં પત્રથી જણાવેલ કે વધારાની માહિતીમાં અંગ્રેજી અને ગુજરાતીમાં તફાવત છે પરંતુ સોલ્યુશન બન્નેમાં અલગ અલગ આપેલ હોય વિદ્યાર્થીને અન્યાય થશે નહિ.

– ઉત્તરવહીઓ તપાસતી વખતે સદર બાબતો ધ્યાનમાં લેવાય છે.

– પ્રશ્ન–૫ (અ) માં વ્યાજનો દર (૧૦૦%) છપાયેલ છે જે બરાબર જ છે.

– તેઓના જણાવ્યા અનુસાર કેન્દ્રસ્થ મૂલ્યાંકન વખતે સદર બાબતની કાળજી લેવામાં આવેલ છે.

– ડીનશ્રીના અભિપ્રાય મુજબ ચેરમેનશ્રીનો ખુલાસો સ્વયંસ્પષ્ટ હોવાનું જણાવેલ છે. તથા તે મુજબ પરીક્ષણ કાર્ય કરી પરિણામ જાહેર કરેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચેરમેનશ્રીનો ખુલાસો સ્વયંસ્પષ્ટ હોઈ તે સ્વીકારીએ અને તે મુજબ પરિણામ જાહેર કરેલ છે તેની નોંધ લેવી.**

8

પરીક્ષા M.COM. PART-I. (OLD & NEW)

પેપરનું નામ Service Marketing and Customer Relationship Managemet Paper-II

ચેરમેનનું નામ Prof. S. Wani Narmada College of Commerce, Zadeshwar.

ભૂલની વિગત

નર્મદા કોલેજના ૧૨ વિદ્યાર્થીઓની નર્મદા કોલેજના પ્રિન્સિપાલે FORWARD કરેલ અરજી તા.૨૪–૪– ૨૦૧૦ અનુસાર સદર પેપર ઓલ્ડ કોર્ષમાંથી પૂછાયેલ છે.

–– પરીક્ષા વિભાગે તા.૨૮–૪–૨૦૧૦ના પત્ર ક્રમાંક EXAM/A/4747/2010 થી ચેરમેનશ્રી પાસે ખુલાસો મંગાવેલ છે.

–– સદર બાબતે પરીક્ષા વિભાગનાં તા. ૨૪–૫–૨૦૧૦ ના પત્ર ક્રમાંક : પરીક્ષા/એ/૫૫૩૯/૨૦૧૦ તા. ૨૪–૫–૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. એસ. વણી, નર્મદા કોલેજ ઓફ કોમર્સ, ઝાડેશ્વરને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૨ વર્ષ માટે ફારેગ કરવા.**

9

પરીક્ષા B.ED.

પેપરનું નામ Teacher in Emerging Indian Society Paper-I (New Course)

ચેરમેનનું નામ Dr. V. G. Patel V. T. Choksi Edu. College, Surat.

ભૂલની વિગત

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાનાં આચાર્યશ્રીની રજુઆત મુજબ

(૧) અભ્યાસક્રમમાં કુલ છ એકમો છે. તે પૈકી એકમ–૩ માંથી ૭૫ માર્કસના પ્રશ્નો પૂછાયા છે.

(૨) પ્રશ્ન–૨ (૪) માં ચાર ગુણનો અને (૪)(૩) માં ૧૦ ગુણનો એકજ સવાલ પૂનરાવર્તન થયેલ છે. અને ગુણ અસમતુલિત છે.

(૩) પ્રશ્ન–૧ (બ) (૭) ધર્મનું શિક્ષણમાં સ્થાન જરૂરી શા માટે ? તેનું અંગ્રેજી કર્યુ છે. Why is Education of Religion Is Necessary જે બંન્ને જુદી બાબતો છે.

(૪) ગુજરાતીમાં " વાદ" નું અંગ્રેજી " ISUMS " કરેલ છે.

(૫) પ્રશ્ન–૧ વધારે મચડવામાં આવ્યો છે.

આ વિગતો જણાવી વિદ્યાર્થીઓને નુકશાન ન થાય તે રીતે યોગ્ય કરવા જણાવેલ છે.

– પરીક્ષા વિભાગે તા.૧૩–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4301/2010 થી ચેરમેનશ્રીનો ખુલાસો પૂછાવેલ છે.

ચેરમેને તા. ૩૦/૦૪/૨૦૧૦ ના રોજ ખુલાસો મોકલી આપયો છે.

– ડીનશ્રીના તા. ૧૫–૫–૨૦૧૦ થી મળેલ અભિપ્રાય મુજબ ચેરમેનશ્રીનો ખુલાસો ગ્રાહય રાખી શકાય તેમ નથી.

– ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધયાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. વી. જી. પટેલ, વી. ટી. ચોકસી એજયુકેશન કોલેજ, સુરતને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૫ વર્ષ માટે ફારેગ કરવા.**

10
પરીક્ષા B.ED.
પેપરનું નામ Environment Education Paper-V (New Course) (Spe.) (Gen.)
ચેરમેનનું નામ Prof. R. A. Parmar Vedchhi.
ભૂલની વિગત વિવિધ કોલેજો માંથી મળેલ ટેલીફોનિક માહિતી મુજબ સદર પેપર માત્ર ગુજરાતી વર્ઝનમાંજ છપાયેલ છે. અંગ્રેજી વર્ઝનમાં છપાયેલ નથી. (૧) સદર બાબતે પરીક્ષા વિભાગનાં તા.૨૬–૪–૨૦૧૦ નાં પત્ર ક્રમાંક EXAM/A/4661/2010 થી ચેરમેનશ્રીનો ખુલાસો પૂછાવેલ છે. (૨) ચેરમેનશ્રીએ તા.૧૦–૫–૨૦૧૦ ના પત્રથી મોકલેલ ખુલાસા મુજબ તેઓ વિષય ગુજરાતી હોવાથી અંગ્રેજી વર્જનમાં પ્રશ્નપત્ર તૈયાર કરવા અન્ય વ્યકિતની મદદ લેવી પડે અને ગોપનીયતા ન જળવાય તેથી અંગ્રેજીનું પેપર કાઢેલ નથી. તથા હવે પછી કાળજી રાખશે એમ જણાવેલ છે. (૩) આ બાબતે પત્ર ક્રમાંક : પરીક્ષા/એ/૫૪૪૫/૨૦૧૦ તા. ૧૫–૫–૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ. (૪) ડીનશ્રીના તા. ૨૫–૫–૨૦૧૦ ના પત્રથી મળેલ અભિપ્રાય મુજબ ચેરમેનશ્રીનો ખુલાસો ગ્રાહય રાખવા યોગ્ય જણાતો નથી. – ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે. :: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. આર. એ. પરમાર, સ્નાતક વિદ્યાપન મંદિર, વેડછીને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૫ વર્ષ માટે ફારેગ કરવા.**

11

પરીક્ષા B.ED.

પેપરનું નામ Paper-VI Content & Teaching of Method Science & Technology (New)

ચેરમેનનું નામ Prof. K. R. Naik Shri Rang Shikshanik Maha., Bilimora.

ભૂલની વિગત

ટેલીફોનથી મળેલ વિગત અનુસાર માર્કસની યોગ્ય ફાળવણી થયેલ નથી.

- સદર બાબતે પરીક્ષા વિભાગનાં તા.૨૬–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4662/2010 થી ચેરમેનનો ખુલાસો મંગાવેલ છે.
- ચેરમેનશ્રીએ તા.૪–૫–૨૦૧૦ ના પત્રથી સદર બાબતનો સ્વીકાર કરેલ છે તથા માર્કસ છપાયા ન હોય મેન્યુસ્ક્રીપ્ટ જોવા વિનંતી કરેલ.
- પરીક્ષા વિભાગનાં પત્ર ક્રમાંકઃ પરીક્ષા/ એ/૪૯૨૬/૨૦૧૦ તા. ૫ – ૫– ૨૦૧૦ થી ડીનશ્રીનો અભિપ્રાય મંગાવેલ.
- ડીનશ્રીએ તા.૧૫–૫–૨૦૧૦ ના પત્રથી પોતાનો અભિપ્રાય મોકલેલ જે મુજબ સદર બાબતમાં બે ભુલ પ્રેસની તથા બે ભુલો પ્રાશ્નિક/ચેરમેનની હોવાનું જણાવેલ છે.
- ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધયાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. કે. આર. નાયક, શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાને પરીક્ષાના ચેરમેન/ પેપર સેટર પદેથી ૧ વર્ષ માટે ફારેગ કરવા.**

12

પરીક્ષા B.ED.

પેપરનું નામ Paper-VII Content & Teaching of Method Sanskrit at B.ed. (Basic Edu.) (New)

ચેરમેનનું નામ Dr. Gita A. Patel College of Education, Daman.

ભૂલની વિગત

સરકારી બી.એડ કોલેજ રાજપીપળાનાં આચાર્યશ્રીનો તા.૨૩–૪–૨૦૧૦નો પત્ર ક્રમાંક ૨૩૫–૩૭/વાર્ષિક પરીક્ષા/ ૨૦૧૦ અનુસાર નવો અભ્યાસક્રમ બી.એડ. જનરલ અને બી.એડ બેઝીકનો સમાન હોવા છતા જુદા જુદા પેપર કાઢેલ છે.

–– પરીક્ષા વિભાગનાં તા.૨૮–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4715/2010 થી ચેરમેનશ્રીનો ખુલાસો મંગાવેલ છે.

–– ચેરમેનશ્રીએ તા. ૭–૫–૨૦૧૦ નાં પત્રથી મોકલેલ ખુલાસા મુજબ બે અલગ ઓર્ડરો મળ્યા હોવાના કારણે અલગ પેપર કાઢેલ છે તથા ડીનશ્રીને ટેલીફોનીક જાણ કરેલ હોવાનું જણાવેલ છે.

–– ડીનશ્રીએ તા.૧૫–૫–૨૦૧૦ના પત્રથી ચેરમેને આપેલ ખુલાસો યોગ્ય ન હોવાનું જણાવેલ છે.

–– ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ગીતા એ. પટેલ, કોલેજ ઓફ એજયુકેશન, દમણને ઠપકો આપવો અને ભવિષ્યમાં સદર ભૂલ ન થાય તે અંગે કાળજી રાખવા તાકીદ કરવી.**

13

પરીક્ષા B.ED.

પેપરનું નામ Paper-VI Conten of Teaching of Method English At B.ed. (Basic Edu.) (New)

ચેરમેનનું નામ Dr. P. R. Master College of Edu. Kharod.

ભૂલની વિગત

સરકારી બી.એડ કોલેજ રાજપીપળાનાં આચાર્યશ્રીનો તા.૨૩–૪–૨૦૧૦નો પત્ર ક્રમાંક ૨૩૫–૩૭/વાર્ષિક પરીક્ષા/ ૨૦૧૦ અનુસાર નવો અભ્યાસક્રમ બી.એડ. જનરલ અને બી.એડ બેઝીકનો સમાન હોવા છતા જુદા જુદા પેપર કાઢેલ છે.

–– પરીક્ષા વિભાગનાં તા.૨૮–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4713/2010 થી ચેરમેનશ્રીનો ખુલાસો મંગાવેલ છે.

–– ચેરમેનશ્રીએ તા. ૨૯–૪–૨૦૧૦ ના પત્રથી સદર બાબત અંગે પોતે યુનિવર્સિટીના આદેશનુ પાલન કર્યુ હોવાનું જણાવેલ છે.

–– ડીનશ્રીએ તા.૧૫–૫–૨૦૧૦ના પત્રથી ચેરમેને આપેલ ખુલાસો યોગ્ય ન હોવાનું જણાવેલ છે.

– ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પી. આર. માસ્તર કોલેજ ઓફ એજયુકેશન, ખરોડને ઠપકો આપવો અને ભવિષ્યમાં સદર ભૂલ ન થાય તે અંગે કાળજી રાખવા તાકીદ કરવી.**

14

પરીક્ષા B.ED.

પેપરનું નામ Paper- Paper-VII Content & Teaching of Method Hindi At B.ed. (Basic Edu.) (New)

ચેરમેનનું નામ. Prof. M. N. Patel Shri Rang Shikshan, Bilimora.

સરકારી બી.એડ કોલેજ રાજપીપળાનાં આચાર્યશ્રીનો તા.૨૩–૪–૨૦૧૦નો પત્ર ક્રમાંક ૨૩૫–૩૭/વાર્ષિક પરીક્ષા/ ૨૦૧૦ અનુસાર નવો અભ્યાસક્રમ બી.એડ. જનરલ અને બી.એડ બેઝીકનો સમાન હોવા છતા જુદા જુદા પેપર કાઢેલ છે.

–– પરીક્ષા વિભાગનાં તા.૨૮–૪–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/A/4714/2010 થી ચેરમેનશ્રી નો ખુલાસો મંગાવેલ છે.

–– ચેરમેનશ્રીએ તા.૭–૫–૨૦૧૦ ના પત્રથી ખુલાસો મોકલેલ છે જે અનુસાર બે સેટ મોકલવાની સુચના મળી હોવાને કારણે બે સેટ મોકલા હોવાનું જણાવે છે.

–– ડીનશ્રીએ તા.૧૫–૫–૨૦૧૦ના પત્રથી ચેરમેને આપેલ ખુલાસો યોગ્ય ન હોવાનું જણાવેલ છે.

– ડીનશ્રીના તા.૨૬–૫–૨૦૧૦ના પત્ર અનુસાર બી.એડ પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રોને સેટ કરવામાં થયેલ ક્ષતિ બાબતે આચાર્યો/વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તમામ પરીક્ષકોને વિદ્યાર્થીઓને અહીત ન થાય તે સંદર્ભે જરૂરી સુચના આપી હતી તથા મોડરેશન પણ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરાવેલ વધુમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૮૭ અનુસાર ચેરમેનશ્રીના ઠરાવને આધારે ૫ % ગ્રેસીગનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. એમ. એન. પટેલ, શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાને ઠપકો આપવો અને ભવિષ્યમાં સદર ભૂલ ન થાય તે અંગે કાળજી રાખવા તાકીદ કરવી.**

15

પરીક્ષા First Year B.Optometry First Sem

પેપરનું નામ Basic Optics

ચેરમેનનું નામ Mr. Rajesh Kahar Hari Jyot, Navsari

ભૂલની વિગત

હરી જ્યોત કોલેજ ઓફ ઓપ્ટોમેટરીનાં ઈ.ચા. આચાર્યશ્રીના તા.૦૨–૧–૨૦૧૦નાં પત્રાંક નં./૧૨૯/૨૦૧૦ અનુસાર ૭૦ ની જગ્યાએ ૬૨ માર્કસનું પેપર કાઢેલ છે.

(૧) પરીક્ષા વિભાગનાં તા.૬–૧–૨૦૧૦નાં પત્ર ક્રમાંક EXAM/ A/ 130/ 2010 થી ચેરમેનનો ખુલાસો મંગાવેલ.

૩૮	કોલેજ / ઈન્સ્ટીટયુટ ખાતે પ્રથમ વર્ષમાં ઓ. ૬૬ માં દશાવેલ પ્રવેશની સંખ્યા ધ્યાને લઈ જેટલા વિધાર્થી એનરોલ / રજીસ્ટ્રેશન થયા હશે તેજ સંખ્યાને ધ્યાને લઈ એફીલીએશન ફી સંસ્થાએ દર વર્ષે ૩૦ ઓગષ્ટ સુધીમાં યુનિવર્સિટીમાં અચૂક જમા કરાવવાની રહેશે, નિયત સમય બાદ રોજના રૂા. ૧૦૦૦/– લેખે દંડ સાથે એફીલીએશન ફી ભરવાન રહેશે.
૩૯	શૈક્ષણિક સ્ટાફ અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવતા હોવા જોઈએ.

(બ) <u>સ્થાનિક તપાસસમિતિની શરતો :–</u>

(૧) યુનિ.નાં નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.

(૨) પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂા. ૫૦,૦૦૦/– નાં પુસ્તકો ખરીદવા.

(૩) બોટોનીકલ ગાર્ડન તથા એનીમલ હાઉસ વધુ સુવિધાવાળા બનાવવા

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૨)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત ભગવાન મહાવીર કોલેજ ઓફ બાયોટેકનોલોજીનાં ચાલતા એમ.એસસી.(બાયોટેક)ને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નું ચાલુ જોડાણ આપવા LIC એ સૂચવેલ શરતો સહિતની ભલામણ બી.યુ.ટી. વતી મા.કુલપતિશ્રીએ માન્ય કરેલ હોય જેનો સ્વીકાર કરી જે તે શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ આપવાની મંજૂરી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૬ – ૭ – ૨૦૧૦ની ઉપરોકત ભલામણ ક્રમાંકઃ (૧૩૨)નો યથાવત સ્વીકાર કરવો.**

૧૩૨. ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત બી.એડ. અને એમ.એડ. સ્વનિર્ભર અભ્યાસક્રમ અંગે સિન્ડિકેટ તા. ૩/૪/૧૧–૬–૨૦૧૦નાં રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : ૧૯૦ અન્વયે નિયુકત ચકાસણી સમિતિનાં પ્રાપ્ત થયેલ અહેવાલને અવલોકને લઈને ઉપરોકત અભ્યાસક્રમો નું જૂન – ૨૦૧૦થી ચાલુ જોડાણ આપવા કરેલ ભલામણને બી.યુ.ટી. વતી મા. કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય, જેનો એકેડેમિક કાઉન્સિલની તા. ૬–૭–૨૦૧૦ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૩)થી સ્વીકારી સિન્ડીકેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

(અ) <u>ચાલુ અનુસ્નાતક અભ્યાસક્રમ એમ.એડ.(સ્વ નિર્ભર)ના જોડાણની માળખાગત શરતોઃ</u>

૧	ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું જેના દરેક વિષયના જરૂરીયાત મુજબ સરળતાથી વાંચવા માટે પ્રાપ્ત થઈ શકે તેટલી નકલમાં પુસ્તકો વસાવવાં. તથા ઈ જર્નલના રજીસ્ટ્રેશન કરાવવા.
૨	ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.
૩	બિન શૈક્ષણિક સ્ટાફમાં એક સિનિયર કલાર્ક અને જુ. કલાર્કની નિમણૂંક કરવી તેમજ લેબ. ટેકનીશીયનની જરૂરીયાત મુજબ નિમણૂંક આપવી અને સંપુર્ણ નોંધ સાથે સેવાપોથી તૈયાર કરવી.
૪	અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશનત તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.
૫	અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.
૬	જે તે અભ્યાસક્રમની એપેક્ષ બોડી તેમજ યુનિવર્સિટી ધારાધોરણ મુજબ કાયમી આચાર્ય / ડાયરેકટર તેમજ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવી.
૭	બહેનો માટે સૂચિત કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.
૮	કોમ્પ્યુટર માટે ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા ટેકનીકલ કર્મચારીની નિમણૂંક કરવી.
૯	રૂા. ૨૦,૦૦૦/– નો ખર્ચ જરૂરી સામયિકો માટે કરવો.
૧૦	રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા તેમજ રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક અધ્યાપકની નિમણૂંક કરવી.
૧૧	આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની કાર્યાલય તેમજ રહેઠાણ પર વ્યવસ્થા કરવી.
૧૨	મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.
૧૩	કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફેક્ષ તથા મોડેમ વસાવવામાં આવે.
૧૪	કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.
૧૫	કોલેજના તમામ સ્ટાફના પગારો ચેકથી જ ચુકવવાના રહેશે.
૧૬	વર્ષ દરમ્યાન શૈક્ષણિક / <u>વહીવટી</u> કર્મચારીઓની જગ્યા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.
૧૭	અભ્યાસક્રમના પ્રવેશની નિયત બેઠક પર યુનિવર્સિટી તેમજ રાજય સરકારના અનામત નિયમ સહિતના ધારાધોરણ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
૧૮	કોલેજની વેબસાઈટ તૈયાર કરાવવી અને ખુલ્લી મૂકવી.
૧૯	શૈક્ષણિક સ્ટાફને પી.એફ. / સી.પી.એફ. નો લાભ આપવો. કર્મચારીઓ માટે પી. એફ. / સી.પી.એફ. પેન્શન અને ગ્રેજયુઈટીની જોગવાઈ કરવી.

૨૦	<u>અભ્યાસક્રમની જોગવાઈ મુજબ</u> યુ.જી.સી. એન.સી.ટી.ઈ. /એ.આઈ.સી.ટી.ઈ. / એમ.સી.આઈ./ સી.સી.એચ./ સી.ઓ.એ. / બી.સી.આઈ જેવી એપેક્ષ બોડી તેમજ ભારત સરકાર /રાજય સરકાર અને યુનિવર્સિટીના વખતોવખતના નિયમો અને ધારાધોરણનું પાલન કરવું.
૨૧	પ્રયોગશાળાનાં સાધનો વખતોવખત અધતન વસાવવા દર વર્ષે તેમાં ઉમેરો કરવો. જરૂરી ફર્નીચરની વ્યવસ્થા કરવી.
૨૨	કોમ્પ્યુટર માટે બેચ ગોઠવવા, જેથી સમયમાં કલેશ ન થાય.
૨૩	<u>અભ્યાસક્રમની જરૂરીયાત મુજબ</u> જરૂરીયાત મુજબ એપેક્ષ બોડી / રાજય સરકારની નવા વર્ષની મંજૂરી માટે કાર્યવાહી કરી અને મંજૂરી તાત્કાલિક મેળવી લેવી.
૨૪	વિદ્યાર્થીઓ પાસેથી સરકારશ્રી અને યુનિવર્સિટીના નિયમ મુજબ ફી વસૂલ કરવી. વધારે ફી લઈ શકાશે નહિ. પછીના વર્ષોની ફી અગાઉથી લઈ શકાશે નહી.
૨૫	યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતો વખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવું.
૨૬	એન.સી.ટી.ઈ./એ.આઈ.સી.ટી.ઈ. ધ્વારા માંગવામાં આવતા **Self Apprisal Report** ની કોપી એન.સી.ટી.ઈ.ને મોકલી તેની એક કોપી યુનિવર્સિટીને મોકલવાની રહેશે.
૨૭	એન.સી.ટી.ઈ.ના ધારા ધોરણ મુજબ જમીન ટ્રસ્ટના નામે હોવી જોઈએ
૨૮	વિજ્ઞાન વિધાશાખાના અભ્યાસક્રમની પ્રયોગશાળામાં ટીસ્યુ કલચર રૂમ અધતન તૈયાર કરવામાં આવે.
૨૯	ડેડસ્ટોક રજીસ્ટર પધ્ધતિ અનુસારનુ બનાવવુ.
૩૦	એન.એસ.એસ./એન.સી.સી./ સાંસ્કૃતિક સામાજિક અને શૈક્ષણિક શિબિરો તથા રમત – ગમતને લગતી પ્રવૃતિઓ કોલેજ ધ્વારા સધન બનાવવી.
૩૧	સંસ્થામાં જે તે હેડ નીચે ઉધરાવવામાં આવતી ફી તે જ હેડ નીચે વપરાય તેની અચૂક કાળજી લેવી.
૩૨	સ્વનિર્ભર સંસ્થાએ અભ્યાસક્રમનો તમામ ખર્ચ કાયમી સ્વનિર્ભરતાના ધોરણે સ્વખર્ચે પોતાના સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે.
૩૩	સંસ્થાએ રાજીનામું આપનાર કે વય મર્યાદાને કારણે નિવૃત્ત થનાર શૈક્ષણિક/ બિન શૈક્ષણિક કર્મચારીઓને રાજય સરકાર અને યુનિવર્સિટીના નીતિ નિયમો મુજબ મળવાપાત્ર તમામ લાભોની જોગવાઈ યુનિવર્સિટીના પરામર્શમાં કરવાની રહેશે.
૩૪	ટ્રસ્ટ / સંસ્થા હાલમાં જે સ્થળે કોલેજ ચલાવતી હોય તેજ ટ્રસ્ટ / સંસ્થા બીજી નવી કોલેજ તેજ જિલ્લામાં શરૂ કરી શકશે નહીં પરંતું અન્ય બીજા જિલ્લામાં નવી કોલેજ અભ્યાસક્રમ વિષયક સંપુર્ણ સુવિધા સાથે ઉભી કરી શકશે અને તે માટે યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.
૩૫	કોલેજના કર્મચારીના પગાર ભથ્થા માટે અનામત ફંડ તરીકે રૂા. ૨,૦૦,૦૦૦/– ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તેમજ સંચાલક મંડળ નકકી કરે તે વ્યકિતના નામે રાષ્ટ્રીયકુત બેંકમાં મુકવાની રહેશે, જે રકમ યુનિવર્સિટીની પરવાનગી વગર ઉપાડી શકશે નહી. યુનિવર્સિટી નિયત કરે તે મુજબ ડિપોઝીટની રકમ જમા કરાવવાના રહેશે.
૩૬	જે તે અભ્યાસક્રમો માટે જોડાણ મેળવવા માટે સંસ્થા કે ટ્રસ્ટે અરજી કરી હોય તે બધા અભ્યાસક્રમો કાયમી સ્વનિર્ભરતાના ધોરણે સ્વભંડોળમાંથી સ્વખર્ચે જ ચલાવવામાં આવશે તે અંગેની લેખિત બાંહેધરી સંસ્થાના પ્રમુખશ્રી કે ટ્રસ્ટના અધિકૃત ટ્રસ્ટીએ રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર નમુના મુજબ ફર્સ્ટ કલાસ જયુડિશીયલ મેજીસ્ટેટ કે નોટરી સમક્ષ એટેસ્ટેડ કરાવીને સોગંદનામું રજુ કરવાનું રહેશે.

૩૭	આગામી શૈક્ષણિક વર્ષની ચાલુ જોડાણની અરજી માટે ઓ. ૬૬ ની જોગવાઈ મુજબ નિયત કરેલ લાગુ પડતી એફીલીએશન ફી સંસ્થા ધ્વારા તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં અને લેઈટ ફી સાથે ૧૫ નવેમ્બર સુધીમાં યુનિવર્સિટીમાં અચૂક જમા કરાવવાની રહેશે.
૩૮	કોલેજ / ઈન્સ્ટીટયુટ ખાતે પ્રથમ વર્ષમાં ઓ. ૬૬ માં દશાવેલ પ્રવેશની સંખ્યા ધ્યાને લઈ જેટલા વિધાર્થી એનરોલ / રજીસ્ટ્રેશન થયા હશે તેજ સંખ્યાને ધ્યાને લઈ એફીલીએશન ફી સંસ્થાએ દર વર્ષે ૩૦ ઓગષ્ટ સુધીમાં યુનિવર્સિટીમાં અચૂક જમા કરાવવાની રહેશે, નિયત સમય બાદ રોજના રૂા. ૧૦૦૦/– લેખે દંડ સાથે એફીલીએશન ફી ભરવાન રહેશે.
૩૯	શૈક્ષણિક સ્ટાફ અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવતા હોવા જોઈએ.

(બ) <u>સ્થાનિક તપાસસમિતિની શરતો :–</u> <u>(બી.એડ. અને એમ.એડ.)</u>

(૧) અલગ સ્ટાફ રૂમની વ્યવસ્થા કરવી.

(૨) ગાઈડન્સ કેબીનની વ્યવસ્થા કરવી.

(૩) રૂા. ૫૦,૦૦૦/–નાં પુસ્તકો વસાવવા.

(૪) સ્ટુડન્ટ કાઉન્સિલની રચના યુનિવર્સિટીનાં નિયમ પ્રમાણે કરવી.

(૫) યુનિવર્સિટી નકકી કરે તે સિવાય કોઈ ફી ઉઘરાવવી નહી.

(૬) કાયમી ધોરણે આચાર્યની નિમણૂંક કરવી.

(૭) પ્રવાસ/ઓફ કેમ્પસ વગેરે જેવી બાબતોનો હિસાબ નોટીસ બોર્ડ પર મૂકવો.

(સિન્ડિકેટ/પી.જી.)

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૩)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન,સુરત સંચાલિત બી.એડ. અને એમ.એડ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા બાબતે નિમાયેલ વેરીફીકેશન સમિતિ ધ્વારા રજૂ થયેલ અહેવાલને અવલોકને લઈને અહેવાલમાં દર્શાવેલ શરતો સહિતની ભલામણ બી.યુ.ટી. વતી મા. કુલપતિશ્રીએ માન્ય કરેલ હોય જેનો સ્વીકાર કરી જે તે શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ આપવાની મંજૂરી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૧૩૨, ૨૫ અને ૧૪ની સંયુકત વિચારણા કરતાં બાબત ક્રમાંક : ૧૪ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવી.

૧૩૩. અમરોલીની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એમ.ફિલ. એકાઉન્ટન્સી વિષયનાં પ્રથમ વર્ષનો કન્ટેન કોર્ષ ચલાવવા બાબતે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિ તરફથી તા. ૦૫–૦૭–૧૦ના પત્રથી રજૂ થયેલ અહેવાલ પર વિચારણા બાદ એકેડેમિક કાઉન્સિલની તા.૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૪) થી એમ.કોમ. અને માત્ર એમ.ફીલ. નાં અન્યત્ર ચાલતા સેન્ટરો બંધ કરીને યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડે કેર સેન્ટરમાં એમ.કોમ. અને માત્ર એમ.ફિલ. ચલાવવા અને તેના સ્ટાફ તથા જરૂરી વ્યવસ્થા માટે સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૪)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસસમિતિએ રજૂ કરેલ અહેવાલને અવલોકને લેતાં હાલમાં એમ.કોમ. અને માત્ર એમ.ફીલ. નાં અન્યત્ર ચાલતા સેન્ટરો બંધ કરીને યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડે કેર સેન્ટરમાં એમ.કોમ. અને માત્ર એમ.ફિલ. ચલાવવા અને તેના સ્ટાફ તથા જરૂરી વ્યવસ્થા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.**

વધુમાં યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્વનિર્ભર ધોરણે શરૂ થતા એમ.કોમ. અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી રાખવું તેમજ ૬૦ + ૬ વિદ્યાર્થીઓની ફાળવણી આગામી એમ.કોમ.ના રીકાઉન્સિલીગ વેળા કરવાનું રાખવું. પ્રસ્તુત સેન્ટરની સંચાલનની જવાબદારી હાલના તબક્કે એમ.બી.એ વિભાગનાં પ્રોફેસર ડૉ. વિનોદભાઈ પટેલને સોંપવી.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૪)નો યથાવત સ્વીકાર કરવો.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એમ. કોમ. સ્વનિર્ભર અભ્યાસક્રમની ટયુશન ફી રૂા.૪,૦૦૦/– પ્રતિ સેમેસ્ટર અને એમ. ફીલ.ની ટયુશન ફી રૂા.૧૦,૦૦૦/– પ્રતિ વર્ષ રાખવી.

૧૩૪. શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરનાં આચાર્યશ્રી અને આર્ટસ ફેકલ્ટીનાં ડીનશ્રી, ડૉ. જે. એમ. ગુર્જરનાં " પીએચ. ડી. નાં વિદ્યાર્થી **<u>ભાવના તરૈયા</u>** – કો – ગાઈડની જોગવાઈ" કરવાની પુનઃવિચારણા માટે કરેલી ભલામણનો સ્વીકાર કરવામાં આવે છે, પ્રસ્તુત વિદ્યાર્થી **<u>ભાવના તરૈયા</u>**ના કિસ્સામાં કો– ગાઈડ તરીકેની ભલામણ તેમજ **કો– ગાઈડની નિમણૂંક માટે ૭૦ વર્ષ સુધીની વયમર્યાદાવાળી વ્યકિતની નિમણૂંક કરવા** એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૭) **સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે, જે પર** વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૭)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પત્રમાં દર્શાવેલ વિગતોનુસાર એમ.લીબ. સાયન્સ.નાં વિષયમાં પીએચ.ડી.નાં સંશોધન માટે ડૉ. જે.એમ.ગુર્જરનાં માર્ગદર્શન હેઠળ નોંધણી કરવા માટે કરેલ અરજી પરત્વે ડૉ. ગુર્જરનાં જણાવ્યાનુસાર ગુજરાતની કોલેજોમાં તથા યુનિવર્સિટીમાં એમ.લીબ.સાયન્સ. ના વિષયનાં પીએચ.ડી.નાં માર્ગદર્શકો ઉપલબ્ધ નથી અને છે તેઓની પાસે મર્યાદિત સંખ્યા થઈ ગઈ હોય એમની પાસે જગ્યા ન હોવાને કારણે વિદ્યાર્થીની માટે કો – ગાઈડની જોગવાઈ કરવા પુનઃ વિચારણા માટે કરેલી ભલામણનો સ્વીકાર કરીને પ્રસ્તુત વિદ્યાર્થીનીનાં કિસ્સામાં ખાસ કેસ તરીકે કો – ગાઈડ તરીકે ભલામણ કરવામાં આવે છે.**

વધુમાં કો – ગાઈડની નિમણૂંક માટે ૭૦ વર્ષ સુધીની વયમર્યાદાવાળી વ્યકિતની નિમણૂંક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૭– ૨૦૧૦ની ભલામણ ક્રમાંક : (૧૩૭)નો યથાવત સ્વીકાર કરવો.**

૧૩૫. ડીપાર્ટમેન્ટ ઓફ રીસર્ચ મેથડોલોજી એન્ડ ઈન્ટર ડીસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીસના વડાશ્રી ડૉ. કિરણભાઈ પંડયા ધ્વારા તેમના જૂલાઈ ૮, ૨૦૧૦ના પત્રથી એમ. એચ. આર. ડી. અનુસ્નાતક અભ્યાસમાં ડીવઝન દીઠ (૫) વિદ્યાર્થીઓને વિભાગના ઈનફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ તથા અન્ય હેતુસર કરવા, હાયર પેમેન્ટ ફી પ્રતિ વિદ્યાર્થી (૧) સેમેસ્ટરના રૂા.૨૫૦૦૦/– ફી સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧ માં પ્રવેશ આપવા વિનંતી કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

(નોંધ: (૧) સદર વિભાગમાં હાલમાં ૬૦ વિદ્યાર્થી પ્રતિ ડિવીઝન બે ડીવીઝનમાં ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

(૨) સદર અભ્યાસક્રમમાં પ્રતિ સેમેસ્ટર વિદ્યાર્થી દિઠ રૂા. ૧૫૦૦૦/– ફી લેવામાં આવે છે.**)**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડીપાર્ટમેન્ટ ઓફ રીસર્ચ મેથડોલોજી એન્ડ ઈન્ટર ડીસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીસના એમ. એચ. આર. ડી. તેમજ એમ. એલ. ડબલ્યુ. અભ્યાસક્રમ માં શૈક્ષણિક વર્ષ: ૨૦૧૦ – ૧૧ માટે હાલની ઈન્ટેક કેપેસીટીમાં ૧૦ ટકા સીટનો વધારો આપવો.**

૧૩૬. યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી સ્વનિર્ભર કોલેજના અધ્યાપકોને ગેરકાયદેસર રીતે સંચાલક મંડળોએ નોકરીમાંથી છુટા કરી દીધી છે. તે બાબતે સેનેટ/ સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મીરઝાના તા. ૧૨ – ૭–૨૦૧૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) ડૉ. દીપાકપુર, લેકચરર, સી. કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેક., સુરત.

(૨) મૈસુરીયા વિશાલ એ., વ્યાખ્યાતા, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફીઝીકલ એજયુ., સુરત.

(૩) ચૌધરી નીતા વી., વ્યાખ્યાતા, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફીઝીકલ એજયુ., સુરત.

(૪) ગામીત તરુણ સી., વ્યાખ્યાતા, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફીઝીકલ એજયુ., સુરત.

(૫) રાણા સુરેન્દ્રસિંહ પ્રવિણસિંહ, વ્યાખ્યાતા, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફીઝીકલ એજયુ., સુરત.

(૬) સંગીતાબેન સનાઢયા, વ્યાખ્યાતા, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, એન્ડ સાયન્સ એન્ડ એમ. જી. શાહ ઈન્સ્ટિટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી કોલેજ, અમરોલી.

(૭) શ્રી ગુલાબભાઈ બોડકે, વ્યાખ્યાતા, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, એન્ડ સાયન્સ એન્ડ એમ. જી. શાહ ઈન્સ્ટિટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી કોલેજ, અમરોલી.

ઉપરોકત કોલેજોમાં સેવા આપતા તમામ અધ્યાપકોને કોલેજના કાયમી અધ્યાપક ગણી તમામ રક્ષણ આપવું અને સંસ્થાના નોકરીમાંથી છૂટા કરવાના હુકમને રદ કરવો અને નોકરીમાં તેમની સેવાને તૂટ ન ગણી પુનઃ સ્થાપિત કરવા સંસ્થાને આદેશ આપવો તેમજ છૂટા કરેલ તારીખથી પગાર સાથે તમામ આર્થિક લાભ આપી સદરહું બાબતની એક સપ્તાહમાં ખાતરી યુનિવર્સિટી કાર્યાલયને કરાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો સંસ્થા યુનિવર્સિટીના ઉપરોકત આદેશનું પાલન ન કરે તો સદર અધ્યાપકોનો પગાર યુનિવર્સિટીને જમા કરાવેલ ડીપોઝીટ માંથી કરવો અને સંસ્થાના જોડાણની કાર્યવાહી અંગે રાજય સરકારશ્રીને ભલામણ કરવી નહીં.

૧૩૭. રામકૃષ્ણ પરમહંસ બી.એડ્. કોલેજ, સુરત દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે બી.એડ્.નાં અભ્યાસક્રમ માટે કરેલ જોડાણ અરજી બાબતે વિચારણા <u>એકેડેમિક કાઉન્સિલે તેની તા.૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩૧) અન્વયે, સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.</u>

<u>એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૩૧ :</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માટે હાલને તબકકે નામદાર હાઈકોર્ટનાં જજમેન્ટના આધારે વિદ્યાર્થીઓની ફાળવણી કરવાનું અને અન્ય બાકીની કાર્યવાહી ગોઠવવાની ઘટતી કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૩૧ નો યથાવત સ્વીકાર કરવો.

૧૩૮. આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડમાં નીચે દર્શાવેલ વિગતે **ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૬–૭–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ **૧૧૩** અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	**બી. એસસી. (માઈક્રોબાયોલોજી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)**	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

એકેડેમિક કાઉન્સિલ : તા.૬–૦૭–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૧૧૩ :

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડમાં નીચે દર્શાવેલ વિગતે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ હેવાલનો સ્વીકાર કરવો અને નીચે દર્શાવેલ શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે બી.એસસી.(માઈક્રોબાયોલોજી)(સ્વનિર્ભર) અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

સ્થાનિક તપાસસમિતિની શરતો :–

(૧) કાયમી ધોરણે શિક્ષકોની નિમણૂંક કરી તેની જાણ યુનિવર્સિટીને કરવાની શરતે.
(૨) વર્ષ ૨૦૧૦–૧૧નાં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી વધુ જરૂરી પુસ્તકોની ખરીદી કરવાની શરતે.
(૩) વિદ્યાર્થીની સંખ્યા અને કાર્યભારને આધારે જરૂરી ખૂટતા મુલાકાતી વ્યાખ્યાતાની નિમણૂંક કરવાની શરતે.

માળખાગત શરતો :–

(૧) જે તે વિષયના બે પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.
(૨) પ્રયોગશાળા મદદનીશની એક જગ્યા ભરવામાં આવે.
(૩) વહીવટી કર્મચારીઓને સરકારશ્રીના ધારા ધોરણો મુજબ તમામ લાભો આપવામાં આવે.
(૪) અભ્યાસક્રમો માટે ૧૫૦૦૦/– નાં પુસ્તકો વસાવવામાં આવે.
(૫) તમામ કર્મચારી માટે નિવૃતિના લાભો અંગે પ્રો. ફંડ/ ગ્રેજયુઈટી ફંડની જોગવાઈ કરવામાં આવે.
(૬) યુ.જી.સી./યુનિવર્સિટી/રાજય સરકારશ્રીના નિયમાનુસારના પગાર અને ભથ્થા કોલેજના તમામ સ્ટાફને નિયમિતપણે બેંક મારફત ચૂકવવામાં આવે.
(૭) કોલેજના વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના નિયમાનુસાર પાલન કરવાનું રહેશે.
(૮) યુનિવીર્સટી અને રાજય સરકારશ્રીના ધારા ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ. વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવામાં આવતી ફી નહિ નફો નહિ નુકશાનના ધોરણે વસૂલ કરવાની રહેશે.
(૯) વિજ્ઞાન પ્રયોગશાળા માટે જરૂરી સાધનો વસાવવામાં આવે.
(૧૦) કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર,ફેકસ તથા મોડેમ વસાવવામાં આવે તેમજ ઈ. મેઈલ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.
(૧૧) ટીસ્યુ કલચર રૂમ અધતન તૈયાર કરવામાં આવે.
(૧૨) ડેડસ્ટોક રજીસ્ટર પધ્ધતિ અનુસારનુ બનાવવુ.
(૧૩) ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧	બી. એસસી.(માઈક્રોબાયોલોજી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા.૧૪–૬–૨૦૧૧

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યો તરફથી મળેલ અહેવાલનો સ્વીકાર કરવો અને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧ના વર્ષ માટે બી. એસસી.(માઈક્રોબાયોલોજી) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)નું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે કરેલ તેની તા. ૬ –૦૭ – ૨૦૧૦ની ભલામણ ક્રમાક : ૧૧૩ સ્વીકારી અને રાજય સરકારને તે અંગે ભલામણ કરવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે માઈક્રોબાયોલોજી વિષયમાં એફ. વાય. બી.એસસી.ના વર્ગથી જ એચ. એસ. સી.ના મેરીટ મુજબ પ્રવેશ આપવા અંગે કોલેજને જાણ કરવી.

૧૩૯. **<u>મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત :</u>**

એકેડેમિક કાઉન્સિલ તા. ૨૭ – ૫ – ૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે **<u>વિનયન વિદ્યાશાખાના તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં</u>** ૫૦ + ૧૦ = ૬૦ (૫૦ બેઠકો રેગ્યુલર તથા ૧૦ બેઠકો હાયર પેમેન્ટ) મુજબ પ્રવેશ જૂન ૨૦૧૦થી આપવાનું નકકી કરેલ છે. પી. જી. સેન્ટરોમાં ચાલતા હોય તેવા વિનયન વિદ્યાશાખા હેઠળના એમ.એ. – અર્થશાસ્ત્ર તથા એમ.એ.– અંગ્રેજી અનુસ્નાતક અભ્યાસક્રમો જે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં પણ ચાલે છે તેમાં વિદ્યાર્થી પ્રવેશની સંખ્યા (૫૦ બેઠકો રેગ્યુલર + ૧૦ બેઠકો હાયર પેમેન્ટ = ૬૦) તથા હાયર પેમેન્ટની ફી રૂા. ૪,૦૦૦/– (સેમેસ્ટર દીઠ) બાબત.

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લેવી.**

અધ્યક્ષશ્રીની સમંતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.

૧૪૦. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માં ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતમાં એમ.સી.આઈ. ધ્વારા **M.Ch. (Plastic & Reconstructive Surgery)** માં પ્રવેશની (૧) બેઠક ફાળવવામાં આવેલ હોય જે સંદર્ભમાં પ્રવેશ અરજી મેળવવાના નિયત સમય તા. ૧૦–૭–૨૦૧૦ના રોજ કાર્યાલય સમય પુર્ણ થયા સુધીમાં પ્રવેશની (૧) અરજી (ડૉ. દર્શનકુમાર કાન્તીભાઈ પટેલ) મળેલ છે અને તે અરજી ડીનશ્રી, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરત ધ્વારા માન્ય કરેલ હોય તે જોતા પ્રવેશ અરજી કરનાર ડૉ. દર્શનકુમાર કાન્તીભાઈ પટેલ ની એન્ટ્રન્સ પરીક્ષા પ્રવેશ ફોર્મમાં જણાવેલ નિયમ ૪.૨ ની નીચેની જોગવાઈ મુજબ લેવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

The minimum percentage of marks secured by the candidates in the SSCET 2010 for the purpose of eligibility for admission to Superspeciality courses shall be 50 % for all the candidates.

નોંધ : સદર વિદ્યાર્થીએ

(૧) ફાઈનલ એમ. બી. બી. એસ. પરીક્ષા ભાગ ૧ અને ૨ પ્રથમ પ્રયાસે ઓગષ્ટ ૨૦૦૩માં બી. જે. મેડીકલ કોલેજ અમદાવાદથી ૬૦ ટકા સાથે પાસ કરેલ છે.

(૨) એમ. એસ જનરલ સર્જરી પરીક્ષા પ્રથમ પ્રયાસે ઓગષ્ટ ૨૦૦૮માં બી. જે. મેડીકલ કોલેજ અમદાવાદથી ૬૦.૩૦ ટકા સાથે પાસ કરેલ છે.

(૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન નંબર G - 15594 થી રજીસ્ટર્ડ થયેલ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૧૧માં ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત ખાતે** M.Ch. (Plastic & Reconstructive Surgery)**માં પ્રવેશ બાબતે ૧ (એક) જગ્યાની સામે માત્ર ૧ (એક) જ વિદ્યાર્થીની અરજી આવેલ હોય અને તે વિદ્યાર્થી પ્રવેશ માટે એલીજીબલ હોવાથી અને** M.D., M.S.**માં પાર્સિંગ સ્ટાન્ર્ડડ ૫૦ % હોવાથી સદર વિદ્યાર્થીને એન્ટ્રન્સ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા) લીધા વગર જ સીધો જ પ્રવેશ આપવો.**

૧૪૧. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં લેબ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કું. વર્ષા જે. સિધ્ધપુરીયાની તા. ૫/ ૭ / ૧૦ના રોજની M. Sc. Part - II Physics વિષયનો અભ્યાસ કરવા માટે મંજૂરી મેળવવા કરેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કું. વર્ષાબેન સિધ્ધપુરીયાની અરજીની વિગતો ધ્યાને લેતા તેમણે** M. Sc. Part - I **શૈક્ષણિક વર્ષ ૨૦૦૪માં પાસ કરેલ હોય, તેમજ યુનિવર્સિટીના કર્મચારી હોઈ, ખાસ કિસ્સામાં** M. Sc. Part - II Physics **વિષયનો આગળનો અભ્યાસ કરવા માટે પરવાનગી આપવામાં આવે છે. વધુમાં તેણીએ અભ્યાસ માટે હક રજા /** L. W. P. **મંજૂર કરાવવાની રહેશે.**

૧૪૨. યુનિવર્સિટી સંલગ્ન શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરત વતી મોકલેલ તેમના તા. ૧૪–૬–૨૦૧૦ના પત્રાંકઃ એસ.એચ.એમ./ ૦૧ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ

(૧) ઉપરોકત પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતની શૈક્ષણિક વર્ષફ ૨૦૧૦–૧૧ની જોડાણ અરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭–૫–૨૦૧૯ના રોજ મળેલ સભામાં સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા. ૩/૪/૧૧–૬–૨૦૧૦ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૦) અન્વયે વિચારણા કરી નીચે મુજબ ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા. ૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૧૫)થી ાપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ નકારાત્મક અહેવાલના આધારે શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે વાણિજય અને વિનયન (સ્વનિર્ભર) અભ્યાસક્રમો ક્રમશઃ બંધ કરવા અંગે રાજય સરકારને ભલામણ કરવી.**)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી તેમજ તા. ૧૪/૬/૨૦૧૦ના પત્રાંકઃ એસ.એચ.એમ./ ૦૧ સંદર્ભે સંસ્થાને નીચેની શરતોની પૂર્તતાને આધીન શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે વાણિજય અને વિનયન (સ્વનિર્ભર) ચાલુ જોડાણ આપવું.**

શરતોઃ

(૧) નીચે મુજબની શરતો રૂા.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ એફીડેવીટ યુનિવર્સિટીમાં જમા કરાવવી.

(૨) યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ કાયમી અધ્યાપકોની નિમણૂંક કરવી.

(૩) અધ્યાપકોને યુનિવર્સિટી તેમજ યુ.જી.સી.ના ધારા ધોરણ મુજબ પગારની ચૂકવણી કરવી.

(૪) યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત જો કોઈ અધ્યાપકને નિયમ વિરૂધ્ધ છૂટા કરેલ હોય તો તેમને તાકીદે નોકરીમાં પુનઃ સ્થાપિત કરી છૂટા કરેલ તારીખથી યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ પગાર ચૂકવવો અને તેનાં પુરાવા યુનિવર્સિટી કાર્યાલયને સત્વરે પુરા પાડવા.

(૫) ગ્રંથાલયમાં સંબંધિત વિષયના જરૂરી પુસ્તકો તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા.

(૬) યુનિવર્સિટીના વખતોવખતના ધારા ધોરણોનું પાલન કરવાનું રહેશે.

(૭) વિદ્યાર્થીઓને પ્રવેશ કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવા.

બી.એ. ચાલુ જોડાણ

માળખાગત શરતો :–

૧. સંસ્થામાં કાયમી આચાર્ય નિમવામાં આવે.

૨. ગ્રંથાલયમાં સંદર્ભ પુસ્તકો અને સામાયિકો પાછળ દર વર્ષે ખર્ચ કરવો.

૩. એન.એસ.એસ./એન.સી.સી./સાંસ્કૃતિક સામાજિક અને શૈક્ષણિક શિબિરો તથા રમત – ગમતને લગતી પ્રવૃતિઓ કોલેજ ધ્વરા સઘન બનાવવી.

૪. સંસ્થામાં જે તે હેડ નીચે ઉઘરાવવામાં આવતી ફી તે જ હેડ નીચે વપરાય તે જરૂરી છે.

૫. વિદ્યાર્થી સંખ્યામાં ખાસ વધે તે માટે જરૂરી સઘન પ્રયત્નો કરવા.

૬. સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે અનામતનું ધોરણ જળવાય તે જરૂરી છે.

૭. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.

૮. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.

૯. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.

૧૦. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.

૧૧. બહેનો માટે કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

૧૨. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.

૧૩. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.

૧૪. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની વ્યવસ્થા કરવી.

૧૫. મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.

૧૬. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.

૧૭. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરવવામાં આવે.

૧૮. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.

૧૯. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.

૨૦. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

બી.કોમ. ચાલુ જોડાણ

માળખાગત શરતો :–

૧. કાયમી આચાર્ય નિમવામાં આવે.

૨. જરૂરી સામયિકો મંગાવવામાં આવે.

૩. કોમ્પ્યુટરને લગતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૪. અભ્યાસક્રમને અનુરૂપ બિન – શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૫. યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

૬. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૭. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.

૮. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.

૯. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.

૧૦. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.

૧૧. બહેનો માટે કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

૧૨. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.

૧૩. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.

૧૪. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની વ્યવસ્થા કરવી.

૧૫. મુખ્ય વિષય દીઠ રૂા.૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦,૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.

૧૬. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.

૧૭. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૧૮. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.

૧૯. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.

૨૦. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

૧૪૩. અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ફી નું માળખું નકકી કરવા સિન્ડિકેટ તા. ૩/૪/૧૧– ૬ – ૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯૩ અન્વયે નીમાયેલ સમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ફી નું માળખું નકકી કરવા સિન્ડિકેટ તા.૩/ ૪/ ૧૧ – ૬ – ૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯૩ અન્વયે નીમાયેલ સમિતિના અહેવાલનો યથાવત સ્વીકાર કરવો અને તેનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ પાર્ટ – ૧થી કરવો જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો હોય તેની ફી સેમેસ્ટર– ૨ની ફી વખતે સરભર કરવાની રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પાર્ટ–૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફીનું નવું ધોરણ લાગુ પડશે નહીં.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં કાયમી નિમણૂંક ધરાવતા અધ્યાપકોને જૂન – ૨૦૧૦થી છઠ્ઠા પગારપંચનો લાભ આપવો.

૧૪૪. નવસારીની એચ. આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારીના સંદર્ભમા નિમાયેલી તપાસ સમિતિના તા. ૩ –૬ –૨૦૧૦ અને તા. ૧૨– ૭ –૨૦૧૦ના અહેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

:: બાબત ક્રમાંક ૧૧ અને ૧૪૪ બન્ને સાથે વિચારણામાં લેતા અને સમિતિના તા. ૩–૬ –૨૦૧૦ અને તા. ૧૨ – ૭ –૨૦૧૦ના અહેવાલો ઉપર વિશદ ચર્ચા વિચારણા કરી આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સમિતિનો તા. ૩ –૬ –૨૦૧૦નો અહેવાલ તા. ૩/ ૪ / ૧૧–૬ –૨૦૧૦ની સિન્ડિકેટથી સ્વીકારવામાં આવ્યો હતો અને તા. ૩/ ૪ / ૧૧–૬ –૨૦૧૦ની સિન્ડિકેટના ઠરાવ નં. ૨૦૧ થી સ્વીકારવામાં આવ્યો હતો અને સદર કોલેજના તત્કાલિન વ્યાખ્યાતા અને ઈ. ચા. આચાર્યશ્રી ભરતભાઈ કે. દેસાઈના નીચે મુજબના પુરવાર થયેલ ગુનાહીત કૃત્યોને આધારે તેમની શિક્ષક તરીકેની માન્યતા રદ કરતો સિન્ડિકેટે નિર્ણય લીધો હતો તે ગુનાહીત કૃત્યોમાં સંચાલક મંડળે સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હોવાનું અને સંચાલક મંડળનું સંપૂર્ણપણે મેળાપીપણું પુરવાર થયું છે.

" (૧) કોલેજની F.Y.B.A. અને F.Y.B.Com. ની ૨૦૦૮–૦૯ ની આંતરિક મૂલ્યાંકન કસોટીમાં થયેલ ગેરરિતી બાબત તથા કોલેજની T.Y.B.A. ની હોમસાયન્સ વિષયની સને ૨૦૦૯–૧૦ ની આંતરિક મૂલ્યાંકન કસોટીની ઉત્તરવહીઓ ગુમ થઈ જવા બાબતે યુનિવર્સિટીએ નીમેલી તપાસ સમિતિ સમક્ષ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા અને તે પરીક્ષાઓને લગતું મૂળ રેકર્ડ યુનિવર્સિટીનાં માંગવા છતાં તેમણે જમા કરાવ્યું ન હતું અને તપાસ સમિતિની કાર્યવાહી નિષ્ફળ કરી ગંભીર પ્રકારની નાફરમાની, ગેરરીતિ અને ગેરવર્તણૂંક આચરી છે.

(૨) કોલેજનાં ૧૨ અધ્યાપકોની ગુમ થયેલ સેવાપોથીઓ બાબતમાં તેઓની ડુપ્લીકેટ સેવાપોથી તૈયાર કરી ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીમાંથી તે મંજૂર કરાવવાની કાર્યવાહી તેઓ કોલેજમાં ૧૫ વર્ષથી ઈ.ચા. આચાર્ય હોવા છતા ૧૫ વર્ષમાં પૂરી કરેલ નથી અને અધ્યાપકોને રસ્તોગી, મેહરોત્રા, પગારપંચના લાભો ચૂકવાયા નથી અને છઠ્ઠું પગારપંચ પણ તે કારણે તેમને મળતું નથી અને નિવૃત્ત અધ્યાપકોનાં પેન્શન પણ બંધાયા નથી અને તે અધ્યાપકોને તેમણે ગંભીર આર્થિક નુકશાન અને માનસિક યાતના પહોંચાડી છે. અને આ અંગેની યુનિવર્સિટી અને સરકારશ્રીની તમામ સૂચનાઓનું તેમણે બદ–ઈરાદાપૂર્વક પાલન કર્યુ નથી. અને ગંભીર નાફરમાની, ગેરવર્તણૂંક અને ગેરશિસ્ત આચરી છે.

(૩) તેમજ સદર કોલેજનાં ચોકીદાર શ્રી બી.બી. જયસ્વાલ ટ્રીબ્યુનલના વચગાળાના હુકમ અન્વયે વર્ષોથી કોલેજમાં હાજર રહી ફરજ બજાવે છે તેમને તેમણે હાજરીપત્રકમાં સહી ન કરવા દઈ અને પગાર ન ચૂકવી અને તે બાબતના યુનિવર્સિટી અને સરકારનાં તમામ આદેશોનું તેમણે પાલન ન કરી નાફરમાની અને ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૪) વિદ્યાર્થીનીઓને વર્ષો વર્ષ તેમની પસંદગીના વિષયો ગુજરાતી, હોમસાયન્સ વગેરે નહી લેવા દઈ તેમણે વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે અને તેમની કારકીર્દિ સાથે ચેડા કર્યા છે અને યુનિવર્સિટીના અને સરકારના તમામ આદેશોને અવગણી તેમણે ગંભીર નાફરમાની, ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૫) કોલેજનાં પૂર્વ અધ્યાપક જે.આર. મહેતા જેઓ કોલેજની નોકરી છોડી યુનિવર્સિટીમાં જોડાયા છે તેમના પી.એફ. ના નાણાં બાબતનાં યુનિવર્સિટી કાર્યાલયનાં અને મા.કુલપતિશ્રીના વિનંતી પત્રો અને આદેશો તેમને મોકલવા છતાં તે તમામને અવગણીને તેમણે તે નાણાં યુનિવર્સિટીમાં શ્રી જે.આર. મહેતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા નથી અને નાફરમાની દાખવી ગંભીર ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૬) તેમણે કોલેજની વિદ્યાર્થીનીઓને સ્ટુડન્ટ કાઉન્સીલ અને જીમખાના ફી વર્ષો વર્ષ ઉઘરાવી વિદ્યાર્થી કલ્યાણની કોઈ પ્રવૃત્તિ નહી કરી લાખો રૂપિયા સંચાલક મંડળને ગેરકાયદેસર આપી દઈ વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે અને યુનિવર્સિટીના નિયમોનું સરેઆમ ભંગ કર્યો છે અને યુનિવર્સિટી આ અંગેના તમામ આદેશ ન માની ગંભીર ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૭) આ કોલેજમાં ચાલતી એન.એસ.એસ. કે જે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિને તેમણે આ કોલેજમાં બંધ કરી દીધી છે અને તેમ કરી તેમણે કોલેજ વિદ્યાર્થીનીઓને આ પ્રવૃત્તિથી વંચિત કરી દીધી છે. વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે અને યુનિવર્સિટીને સંલગ્ન તમામ ગ્રાન્ટેડ કોલેજમાં એન.એસ.એસ. ની પ્રવૃત્તિ ચાલે છે આ એક માત્ર કોલેજમાં આ રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ તેમણે બંધ કરી દઈ ગંભીર ગેરવહીવટ અને ગેરશિસ્ત આચરી છે.

(૮) કોલેજમાં લાયબ્રેરીયનની જગ્યા માટે સરકારશ્રીએ મંજૂરી / એન.ઓ.સી. આપવા છતા તે તેમણે નહી ભરી કોલેજની વિદ્યાર્થીનીઓને અને અધ્યાપકોને છેલ્લા ૧૨ વર્ષથી લાયબ્રેરીના લાભથી વંચિત કરી દીધા છે અને વિદ્યાર્થીઓ પાસે લાયબ્રેરી ફી ઉઘરાવી તે નાણાં સંચાલક મંડળને ગેર કાયદેસર રીતે ટ્રાન્સફર કરી દીધા છે અને આમ કરી તેમણે ગંભીર ગેરરીતિ આચરી છે.

(૯) સને ૨૦૦૪–૦૫ ના વર્ષમાં વિદ્યાર્થીની બહેનોની સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીનીઓને આપવા કોલેજને અપાયેલી શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીનીઓને સમયસર ચૂકવી નથી અને કેટલીક રકમ વણચૂકવી રાખી બેંકનાં ખાતામાં જમા રહેવા દીધી છે. આમ કરી તેમણે ગંભીર ગેરરીતિ આચરી છે.

(૧૦) ૯ મી યોજનાના યુ.જી.સી. નાં ગ્રાન્ટનાં નાણામાં ટ્રાવેલીંગનો ખર્ચ બતાવી તે અંગેની ટિકિટ હિસાબમાં રજૂ ન કરી નાણાકીય ઉચાપત કરી છે. અને તેમ કરી ગંભીર ગેરવર્તણૂક અને ગેરશિસ્ત આચરી છે.

(૧૧) શ્રી ભરતકુમાર કે. દેસાઈનાં ગેરવહીવટનાં કારણે તેમને ઈ.ચા. આચાર્યપદે દૂર કરી અન્ય અધ્યાપકને ઈ.ચા. આચાર્ય તરીકે નીમવા યુનિવીર્સટી અને સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં અનેક આદેશ આપવા છતાં સંચાલક મંડળના મેળાપીપણામાં તેમણે તે આદેશોનું પાલન કર્યુ નથી અને ઈ.ચા. આચાર્યપદે ચાલુ રહી ગેરવહીવટ અને ગેરરીતિઓ ચાલુ રાખી અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું અહિત કરવાનું ચાલુ રાખ્યું છે અને નાફરમાની કરી ગેરશિસ્ત ગેરવહીવટ અને ગેરરીતિઓ આચરી છે. અને યુનિવીર્સટીના નિતિનિયમોને અવગણવાનું ચાલુ રાખી ગંભીર નાફરમાની, ગેરશિસ્ત અને ગેરવર્તણૂક આચરી છે. "

આમ ઉપરોકત ગુનાહિત કૃત્યોમાં સંચાલક મંડળની પણ તેટલીજ સંડોવણી પુરવાર થઈ છે અને તપાસ સમિતિએ તા.૧૨ – ૭ – ૨૦૧૦ના રોજ આપેલ અહેવાલને પણ આથી સ્વીકારવામાં આવે છે અને તેના નીચે મુજબના તારણો અને ભલામણો ને પણ સ્વીકારવામાં આવે છે.

(૧) સદર કોલેજ છેલ્લા ૧૨ વર્ષ થી જોડાણ એફિલીએશન વગર ચાલે છે.

(૨) છેલ્લા બે વર્ષ માટે જોડાણ મેળવવા તેમણે નિયત પ્રફોર્મા/ ફોર્મ ખરીદી તેમાં કોઈ અરજી કરી નથી.

(૩) ચાલુ વર્ષ એટલે કે સને ૨૦૧૦ – ૧૧ના શૈક્ષણિક વર્ષ માટેના જોડાણ માટે પણ તેમણેનિયત પ્રફોર્મા/ ફોર્મ ખરીદી નિયત તારીખ પહેલા કે આજ સુધીમાં કોઈ અરજી કરી નથી.

(૪) ઉપરોકત સંજોગોમાં સદર કોલેજનું જોડાણ ચાલુ રહેતું ન હોવાથી સદર સંચાલક મંડળનાં સંચાલન હેઠળની કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેમ નથી અને આથી વિદ્યાર્થીઓ તેમજ સદર કોલેજમાં સેવા આપતા અધ્યાપકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પણ નોકરી વગરના થઈ જાય તેવી પરિસ્થિતિ સંચાલક મંડળના કસુરને કારણે ઉભી થઈ છે.

(૫) તેમજ છેલ્લા દોઢ દાયકાથી કોલેજની વિદ્યાર્થીનીઓ પાસે લાયબ્રેરી ફી ઉઘરાવવામાં આવી છે પરંતુ લાયબ્રેરીનો લાભ વિદ્યાર્થીનીઓને આપવામા આવ્યો નથી લાયબ્રેરીયનની ભરતી કરવા માટે સને ૧૯૯૮માં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીએ એન. ઓ. સી./ મંજૂરી આપી હતી છતાં લાયબ્રેરીયન ભરવામાં આવ્યા ન હતાં.

(૬) છેલ્લા દોઢ દાયકાથી કોલેજની વિદ્યાર્થીનીઓ પાસે જીમખાના ફી ઉઘરાવવામાં આવે છે પરંતુ રમત ગમતની કોઈ પ્રવૃત્તિ કરાવવામાં આવતી નથી તે જ રીતે યુનિયન ફી અને અન્ય ફી ઉઘરાવવામાં આવી છે પરંતુ તે ફી માંથી પણ મેગેઝીન કે સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિગેરે યુનિયન/ સ્ટુડન્ટ કાઉન્સિલની ખાસ કોઈ પ્રવૃત્તિ કરાવવામાં આવી નથી.

(૭) ઉપરોકત વિવિધ હેડ હેઠળની ફી ઉઘરાવી તે અંગેની કોઈ પ્રવૃત્તિ નહી કરી તે ફીની વર્ષોવર્ષની લાખો રૂપિયાની આવક તત્કાલિન ઈન્ચાર્જ આચાર્યશ્રી ભરતભાઈ કે. દેસાઈ અને સંચાલક મંડળના મેનેજીગ ટ્રસ્ટીશ્રી અતુલભાઈ શાહ તે નાણાં સંચાલક મંડળના ખાતામાં ગેર કાયદેસર રીતે ટ્રાન્સફર કરી ગેરવલ્લે કરી ગયા છે અને તે નાણાંનો યુનિવર્સિટી દ્વારા વખતોવખત હિસાબ માંગવા છતાં તેઓ તે હિસાબ રજૂ કરતા નથી.

(૮) વિદ્યાર્થીનીઓ પાસે વર્ષોવર્ષ તેમણે ઉઘરાવેલી ઉપરોકત ફી વિદ્યાર્થીનીઓને પરત કરવા યુનિવર્સિટીના તા. ૨૨ – ૭ – ૨૦૦૯નાં પત્ર ક્રમાંક : એકે/ મહિલા કો. નવસારી/ ૭૩૬૫/ ૨૦૦૯થી સૂચના આપવામાં આવી હતી. તેનો તા. ૨૮ – ૭ –૨૦૦૯ના પત્રથી સંચાલક મંડળના મેનેજીગ ટ્રસ્ટીએ આપેલ તેમાં સદંતર જુઠ્ઠો જવાબ તેમણે આપ્યો છે કે <u>" ઉઘરાવવામાં આવેલી વધારાની રકમ જે તે સમયે કોલેજે રૂબરૂ હાજર થયેલ વિદ્યાર્થીનીઓને પરત કરી હતી."</u> તેઓ કઈ વિદ્યાર્થીનીને કયારે કેટલી રકમ પરત કરી તે યુનિવર્સિટીમાં રજૂ કરતાં નથી અને તે ફીની વર્ષોવર્ષની લાખો રૂપિયાની આવક માંથી તેમણે કરેલો ખર્ચ તેઓ રજુ કરતાં નથી.

(૯) કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના જેવી પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે અને વિદ્યાર્થીનીઓના કલ્યાણકારી પ્રવૃત્તિ કરાવવામાં આવતી નથી તેમાં સંચાલક મંડળ પણ જવાબદાર છે. વિદ્યાર્થીનીઓ પાસે જુદા જુદા હેડ હેઠળ લાયબ્રેરી અને કલ્યાણકારી પ્રવૃત્તિ માટે ઉઘરાવાયેલી ફી માંથી તે પ્રવૃત્તિ નહી કરી તે નાણાં માંથી ગેરકાયદેસર રીતે મકાન બાંધવામાં આવ્યું અને તેમાં શાળા પણ ચલાવામાં આવે છે, અને તે ટેન્ડર વિગેરેની

કાયદેસરની કાર્યવાહી કર્યા વગર ખોટી રીતે સદર ખર્ચા કરવામાં આવ્યા છે જેમાં લાખો રૂપિયા ગેરવલ્લે થયા છે.

(૧૦) વિદ્યાર્થીનીને તેમની પસંદગીના ફરજીયાત વિષય ગુજરાતી તેમજ હોમસાયન્સ જેવા મુખ્ય વિષય લેવા દેતા ન હતા અને યુનિવર્સિટીના વર્ષોવર્ષના આદેશોની અવહેલના કરી વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે એમાં જે તે સમયના ઈન્ચાર્જ આચાર્યશ્રી ભરતભાઈ કે. દેસાઈ સાથે સંચાલક મંડળનું મેળાપીપણું હતું. અને હજી પણ સંચાલક મંડળની દાનત વિદ્યાર્થીનીઓને તેમની પસંદગીના વિષયો નહી આપવાની તેમની એફિડેવીટથી સ્પષ્ટ પુરવાર થાય છે. કારણ કે ફરજીયાત વિષયમાં મુખ્ય કે ગૌણ વિષયવાળી વાતજ નથી આવતી. ગ્રાન્ટનો પ્રશ્ન જ નથી ઉભો થતો છતાં એફીડેવીટમાં ગ્રાન્ટની વાત આગળ કરી.

(૧૧) સંચાલક મંડળના મેનેજીગ ટ્રસ્ટીશ્રી અતુલભાઈ શાહે પ્રમુખશ્રી અજીતભાઈ દેસાઈની રૂબરૂમાં તપાસસમિતિ સમક્ષ મૌખિક સ્વીકાર્યુ હતુ કે શ્રી ભરતભાઈ દેસાઈ જે પત્રો તૈયાર કરી લાવતા તેના પર તેમણે સહી કરવી પડતી હતી. તેઓએ એવી પણ સામે ચાલીને તપાસસમિતિને ખાતરી આપી હતી કે તા. ૧૪ – ૬ – ૨૦૧૦ પછી શ્રી ભરતભાઈ કે. દેસાઈનો કોલેજની બાબતમાં કોઈ હસ્તક્ષેપ રહેશે નહી તેમ છતાં જે રીતે ત્યાર પછી પણ ભરતભાઈના હસ્તાક્ષર હોય તેવા કવર દ્વારા સંચાલક મંડળના પત્ર મળવો, પત્રમાં તારીખ ભરતભાઈ દેસાઈના હસ્તાક્ષરમાં હોવી, પત્રની અને એફિડેવીટની ભાષા ભરતભાઈ દેસાઈની હોવી, એફિડેવીટ માટેનો સ્ટેમ્પ પેપર પણ ભરતભાઈ દેસાઈ દ્વારા લેવો આ ઘણુંજ સૂચક છે અને અગમ્ય કારણોસર સંચાલક મંડળ ભરતભાઈ દેસાઈની કઠપૂતળીની જેમ વર્તી રહ્યુ છે.

(૧૨) અગાઉ જણાવ્યું તેમ ભરતભાઈ દેસાઈની યુનિવર્સિટીની માન્યતા યુનિવર્સિટીએ તા. ૧૧–૬– ૨૦૧૦ રોજ રદ કરી દીધેલ અને આથી તેઓ કોલેજનાં શિક્ષક તરીકે નોકરીમાં રહેતા ન હતાં તેમ છતાં તેમની માન્યતા રદ કરતો પત્ર સંચાલક મંડળના ટ્રસ્ટીએ લેવાનો ઈન્કાર કર્યો અને ભરતભાઈ દેસાઈએ હાજરી પત્રકમાં પોતાના હસ્તાક્ષરમાં લખેલી ખોટી નોંધ ઉપર તા.૧૪–૬–૨૦૧૦ના રોજ મેનેજીગ ટ્રસ્ટી દ્વારા સહી કરી તેમને વય નિવૃત્તિને છૂટા કર્યાનું ખોટી અને ગેરકાયદેસર રીતે લખી આપ્યું.

(૧૩) એજ રીતે યુનિવર્સિટીએ વખતોવખત આપેલા આદેશો અને યુનિવર્સિટીના નિતીનિયમોની અને જોગવાઈઓની સંચાલક મંડળે પણ હંમેશા અવહેલના કરી છે જેનો તા. ૩–૬– ૨૦૧૦ ના સમિતિના અહેવાલમાં અને આ અહેવાલમાં ઉલ્લેખો છે.

(૧૪) કોલેજનાં ૧૨ જેટલા અધ્યાપકોની ગુમ થયેલી સર્વિસબુક બાબતે તે છેલ્લા ૧૫ વર્ષથી નહી બનાવવાના ગુનાહિત કૃત્યમાં તત્કાલીન ઈન્ચાર્જ આચાર્ય સાથે સંચાલક મંડળનું પણ મેળાપીપણું છે. અને આથી અધ્યાપકોને ખૂબ આર્થિક નુકશાન થયું છે નિવૃત્ત અધ્યાપકોનું પેન્શન બંધાયુ નથી.

(૧૫) આમ જોડાણ/ એફિલીએશન વગરની સદર કોલેજનાં અધ્યાપકો અને કર્મચારીઓની નોકરી જોખમમાં આવી ગઈ છે અને આથી તેઓએ તેમના તા. ૬ – ૭ – ૨૦૧૦નાં પત્રથી યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીને વિનંતી પત્ર લખી કોલેજમાં વિદ્યાર્થીનીઓની પ્રવેશની કાર્યવાહી યુનિવર્સિટી પ્રત્યક્ષ રીતે સંભાળી લે એવી વિનંતી કરી છે.

ઉપરોકત તારણોના અનુસંધાનમાં સમિતિએ કરેલી ભલામણ સ્વીકારી સદર કોલેજમાં વિદ્યાર્થીઓનુ અધ્યાપકો અને કર્મચારીઓનું હિત જાળવવા યુનિવર્સિટી ધારાની કલમ ૪ (૪) અન્વયે તાત્કાલિક અસરથી સદર કોલેજનો વહીવટ યુનિવર્સિટી હસ્તગત કરી લેવાનું એટલે કે સંભાળી લેવાનું એટલે કે ટેઈક ઓવર કરવાનું ઠરાવે છે. સ્થળ ઉપર જઈ પ્રવેશની કાર્યવાહી કરવા સમિતિની રચના સહિત જરૂરી તમામ પગલા નકકી કરી કુલપતિશ્રીને ભલામણ કરવા આ તપાસ સમિતિ ને જ અધિકૃત કરવામાં આવે છે તેમજ સદર કોલેજમાં થયેલા નાણાંકીય ગેરરીતી અને ઉચાપત સહિતના ગેરવહીવટના સંદર્ભમાં જરૂરી તમામ પગલા લેવા અને આ સમિતિ આગળ તપાસ કરી શકે તે માટે રેકર્ડ મેળવવા/ કબજે લેવા કાર્ય પધ્ધતિ નકકી કરી કુલપતિશ્રીને ભલામણ કરવા તેમજ સિન્ડિકેટના તા. ૩/૪/૧૧–૬ –૨૦૧૦ની બાબત ક્રમાંક : ૧૮૨, ૨૦૧, ૨૦૨ અને તા. ૧૨/૧૫ –૭ – ૨૦૧૦ની સિન્ડિકેટની હાલની બાબત ક્રમાંક : ૧૧, ૧૪૪ હેઠળ થયેલા ઠરાવોના અનુસંધાનમાં જરૂરી તમામ કાર્યવાહીઓ કરવા કુલપતિશ્રીને ભલામણ કરવા આજ તપાસસમિતિના સભ્યોને અધિકૃત કરવામાં આવે છે. જે આધારે આનુષંગિક તમામ કાર્યવાહી કરવા કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે,

(૧) યુનિવર્સિટી ધ્વારા નિયુકત પ્રવેશ સમિતિ ધ્વારા વિદ્યાર્થીનીઓને કોલેજમાં પ્રવેશ આપવો.

(૨) વિદ્યાર્થીનીઓને તેમની પસંદગીના વિષયોમાં પ્રવેશ આપી ન્યાય આપવો.

(૩) કોલેજના હવે પછીના નાણાંકીય વહેવારો માટે જરૂરી બેંક ખાતાઓ રજીસ્ટ્રારશ્રીના નામે ખોલાવવા.

(૪) કોલેજમાંથી યોગ્ય વ્યકિતને ઈન્ચાર્જ પ્રિન્સીપાલ નિમવા અને કોલેજ માંથી યોગ્ય વ્યકિત આગળ નહી આવે તો કોલેજમાં કોઈપણ એક વ્યકિતને વહીવટદાર નિમવા.

(૫) કોલેજના શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓના પગારપત્રક હવેથી રજીસ્ટ્રારશ્રીની સહીથી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગરને મોકલવા અને કોલેજ સંબંધિત તમામ પત્ર વ્યવહાર કરવા માટે કુલસચિવને અધિકૃત કરવામાં આવે છે અને તે માટે સિન્ડિકેટના નિર્ણયની જાણ સબંધિત વિભાગોને તાત્કાલિક કરવી.

(૬) કોલેજના અધ્યાપકોની સર્વીસબુક ગુમ થઈ છે અને લગભગ ૧૫ વર્ષથી ડુપ્લીકેટ સર્વીસબુક બનાવી પ્રમાણિત નથી કરાવવામાં આવી તે તાત્કાલિક પ્રમાણિત કરાવવા કાર્યવાહી શરૂ કરવી.

(૭) કોલેજમાં **NSS**ની પ્રવૃત્તિ શરૂ કરવી.

(૮) વિદ્યાર્થીનીઓ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ જેવી કે જીમખાના એકટીવીટી, કોલેજ મેગેઝીન, સ્ટુડન્ટ કાઉન્સિલની પ્રવૃત્તિ વિગેરે શરૂ કરવી.

(૯) કોલેજમાં લાયબ્રેરી તાત્કાલિક શરૂ કરવી.

(૧૦) કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના તમામ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવું અને કાનૂની પ્રકરણોના અંત લાવવા.

(૧૧) શિષ્યવૃત્તિના નાણાં કોલેજની વિદ્યાર્થીનીઓને નિયમિત અને પૂરેપૂરા ચૂકવવા.

(૧૨) કોલેજમાં આચાર્ય, લાયબ્રેરીયન અને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા નિમવા જરૂરી મંજુરી/ એન. ઓ. સી. મેળવવા કાર્યવાહી કરવી.

(૧૩) નિવૃત્ત શિક્ષકોને પેન્શન મળે તે માટે તાત્કાલિક પગલા લેવા.

(૧૪) અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓને પાયાની ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા જરૂરી પગલા લેવા.

(૧૫) ભૂતપૂર્વ વ્યાખ્યાતા ભરતભાઈ કે. દેસાઈની બાબતમાં સિન્ડિકેટે લીધેલા નિર્ણયનો અમલ થાય

તે માટે તાકીદે પગલાં લેવા.

૧૪૫. યુનિવર્સિટી કર્મચારીઓની હાજરી માટે બાયોમેટીક પધ્ધતિ દાખલ કરવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કર્મચારીઓની હાજરી માટે બાયોમેટીક પધ્ધતિ દાખલ કરવી.**

૧૪૬. **શ્રી કનૈયાલાલ એ. પટેલને તા. ૧૧–૬–૨૦૧૦ની સિન્ડિકેટની સભાના ના ઠરાવ ક્રમાંક ૨૦૦ થી તાત્કાલિક અસરથી એક મહીનાની નોટીસનો પગાર આપી છૂટા કરવામાં આવ્યા હતા. સદર આદેશને શ્રી પટેલ ધ્વારા ગુજરાત યુનિવર્સિટી સર્વિસ ટ્રીબ્યુનલમાં પડકારવામાં આવતા નામદાર ટ્રીબ્યુનલ ધ્વારા યુનિવર્સિટીના આ છૂટા કરવાના આદેશને સ્થગીત કરવો તથા તેમને નોકરીમાં તાત્કાલિક અસરથી હાજર કરવા અથવા જો યુનિવર્સિટી હાજર કરવા માંગતી ન હોય તો તેમને દર માસે નિયમીત પગાર કરવા અને આ પગાર નામદાર ટ્રીબ્યુનલના અંતિમ ચૂકાદાને આધિન રહેશે તેવો આદેશ આપેલ છે. મા. કુલપતિશ્રીએ ઉપરોકત આદેશથી હાજર રહેલા સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓને માહિતગાર કર્યા હતા અને યોગ્ય કરવા આ બાબત સિન્ડિકેટની સભા સમક્ષ મુકવામાં આવે છે. નામદાર ટ્રીબ્યુનલના આ આદેશને યોગ્યતે વિચારણા અર્થે.**

(વહીવટી)

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, શ્રી કે. એ. પટેલને હાજર કરવા નહી તથા આ અંગે નામદાર ટ્રીબ્યુનલના આદેશને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવો તથા આ માટે યુનિવર્સિટીના એડવોકેટ શ્રી ધવલભાઈ દવેને નિયુકત કરવા. તથા આ અંગે કુલસચિવશ્રીને અધિકૃત કરવામાં આવે છે.**

અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ – ૧ (૧)/ ૭૯૦૮ /૨૦૧૦.

તા. ૧૦ – ૮ – ૨૦૧૦.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.....